# શ્રી પ્રભાવક જિનવાણી

વિ.સં. ૨૦૬૮ • વર્ષ – ૧૨, અંક–૮
મૂલ્ય છૂટક નકલ રૂા. ૪/-

ચૈત્ર સુદ–૭, શુક્રવાર, તા. ૩૦–૩–૨૦૧૨
એપ્રિલ – ૨૦૧૨

✽ પ્રવચનકાર ✽

સકલાગમ રહસ્યવેદી, પરમ ગીતાર્થ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટધરરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ પરમ શાસન પ્રભાવક સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

## દીક્ષાશતાબ્દિ દિન અનુમોદના

ગુરુવર તમને વંદન કરીએ તમે અમારા તારક છો
દીક્ષાયુગના તમે પ્રવર્તક ધર્મ ધ્વજાના ધારક છો

તમે અમોને સમજાવ્યું કે ‘દીક્ષામાં કલ્યાણ વસે’
તમે વચન એવાં બોલ્યા કે હૈયેથી સંસાર ખસે
દૃષ્ટિના દાયક છો ગુરુવર તમે દોષના વારક છો
દીક્ષાયુગના...૧

દીક્ષા લેવામાં પણ તમને અડચણ પુષ્કળ આવી હતી
મક્કમ મનના માલિક થઈને અડચણ સર્વ હટાવી હતી
સમતાના સંગી છો સાહિબ ! મમતાઓના મારક છો
દીક્ષાયુગના...૨

મહીનદીના કાંઠે ભાવે દીક્ષાનો સંકલ્પ ધર્યો
શ્રીગંધારના દરિયા પાસે એને તમે સાકાર કર્યો
આતમ સુખના આરાધક છો વિશ્વતણા ઉપકારક છો
દીક્ષાયુગના...૩

દીક્ષા લેવી દુષ્કર છે તો દીક્ષાપાલન અતિ દુષ્કર
વધતા ભાવે વ્રતને વહેવા સદા સાધવાનો સંવર
ભાવશ્રમણ-ગુણગણધારક છો સંયમ સુખ સંચારક છો
દીક્ષાયુગના...૪

તમે અમારા ગુરુદેવ છો તમને ભાવભર્યાં વંદન
રામચંદ્રસૂરિરાજ તમોને યાદ રાખશે જિનશાસન
મંગલમહિમાધામ ગુરુવર તમે વિપત્તિ વિદારક છો
દીક્ષાયુગના...૫



ફોન : ૨૩૪૨ ૭૦૬૧-ઓ. માનદ્ સંપાદક : શાહ દિલીપ હરગોવિંદદાસ ઘીવાળા ફોન : ૨૩૮૬ ૬૮૧૨ (ઘર)
કાર્યાલય : શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, ૫૯, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧૮૫, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
E-mail: jinwani@yahoo.co.in

# સંપાદકીય :

**તેઓ આત્મસાધક હતા-**
**વીસ અસમાધિસ્થાનથી તેઓ દૂર જ રહેતા-**

સાધના કરવી હોય તો ક્ષણેક્ષણ આત્મજાગ્રતિ રાખવી જોઈએ.
આત્મા શરીરના માધ્યમે જે અનુભવે છે તે વિભાવ અવસ્થા છે.
આત્મા કર્મોદયની પરતંત્રતા હેઠળ જે અનુભવે છે તે સંસાર છે.
આત્મા શરીર અને કર્મોદય વિનાની અવસ્થા પામે તે મોક્ષ છે.

સાધક જીવનના સ્તરે પ્રસંગોમાં અને સંબંધોમાં જોડાય છે ત્યારે પાપ અને પુણ્યના ઉદયનો ખેલ ચાલતો રહે છે, પરંતુ સાધક પાપના ઉદયને ખમી ખાય છે અને પુણ્યના ઉદયને જીરવી લે છે. પાપનો ઉદય અસ્વસ્થતાનું નિર્માણ કરે છે અને પુણ્યનો ઉદય અસમતુલાનું સર્જન કરે છે. સામાન્ય રીતે સાધક ટાળે છે અસ્વસ્થતાને અને અસમતુલાને. લોકોને અને પરિવારને શું ગમ્યું - શું ન ગમ્યું તેનાથી બેપરવા રહીને સાધક, 'મારા આત્માને શેનાથી લાભ-નુકસાન છે' તેની પર કેન્દ્રિત રહે છે, આ સમાધિ છે. મહાપુરુષોને તેમના અંતરંગ વ્યક્તિત્વના આધારે જ બહુમાન આપવાનું હોય. પુણ્યાઈ અને મોટાઈ બાળજીવોને આંજે. મધ્યમવૃત્તિ જીવો પ્રારંભિક બોધ પામે છે. સાધકના વ્યક્તિત્વની, ઉત્તમ જીવો-પંડિતવૃત્તિના જીવો, પરિણામની ધારાને આલોકવા સુધી પહોંચે છે અને તે જોઈને ભાવ અનુમોદના સાધે છે.

પૂ. આચાર્ય ભ. **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ને ઉત્તમ જીવોની ભૂમિકાએ જોવા માટે વીસ અસમાધિસ્થાનની અભાવ અવસ્થાનું અવગાહન કરવા જેવું છે. રાગ-દ્વેષ-અજ્ઞાન ચડી વાગે ત્યારે સાધના તૂટે છે. રાગ-દ્વેષ-અજ્ઞાનનું જોર નિષ્ફળ જાય ત્યારે છદ્મસ્થ સાધકની સાધના જીતે છે.

પ્રથમ અસમાધિ સ્થાન છે **'दवदव'**નો સંયોગ - **दवदव** એટલે **ઉતાવળ.** સાધક જે સમયે, જે પ્રવૃત્તિ કરે તેમાં પૂર્ણ ઉપયોગ અને અહોભાવને જોડવા જોઈએ. આ પ્રવૃત્તિ પૂરી કરીને નવું કામ શરૂ કરી દેવું છે; આવો વિચાર સંસારીને સંસારી કાર્યોમાં આવે - સાધક તો દરેક પ્રવૃત્તિ અંતરયાત્રા રૂપે કરે છે. નૂતન દીક્ષિત **પૂ. મુનિરાજશ્રી રામવિજયજી મહારાજે** વિ.સં. ૧૯૬૯ની પોષ સુદ તેરસે સવારે ૧૧-૩૦ વાગે દીક્ષાનો સ્વીકાર કર્યો તે સમયે આ **दवदव**નો અભાવ સાધી લેવાનો દૃઢ સંકલ્પ કર્યો હશે ! વિ.સં. ૨૦૪૭ની અષાડ વદ ચૌદસે આ **दवदव**નો અભાવ સિદ્ધ થઈ ચૂક્યો છે તેવું આતમાની સાખે તેમણે અનુભવ્યું અને તે દિવસે સવારે ૧૦-૦૦ વાગે સમાધિ સિદ્ધ કરી લીધી. પાંચ આચારની પ્રવૃત્તિઓમાં ઉપયોગ અને અહોભાવને જોડવા દ્વારા તેઓ **दवदव**ના વિજેતા બન્યા હતા.

ચાર પ્રકારે **दवदव**નો સંયોગ થાય છે. **दवदवचारि, दवदवभोइ, दवदवभासि** અને **दवदवपडिलेही. दवदवचारि** એટલે ઉતાવળે અને અનુચિત રીતે ચાલવું. **दवदवभोइ** એટલે ઉતાવળે અને અનુચિત રીતે વાપરવું - **दवदवभासि** એટલે ઉતાવળે અને અનુચિત રીતે બોલવું. અને **दवदवपडिलेही** એટલે ઉતાવળે પડિલેહણ, પ્રમાર્જના અને જયણા કરીને ઔચિત્યભંગ કરવો.

**'दवदवचारि'** અવસ્થા અસમાધિની અભિવ્યક્તિ છે. અપવાદ સિવાયના પ્રસંગોમાં, સાધકને ચાલતા જોઈને સાધનાનો સ્પર્શ અનુભવાય. સાધકની ગતિમાં સાધનાની સુવાસ રેલાતી હોય. તેમની ચાલવાની શૈલીમાં તેમની

સાધકતા પ્રતિબિંબિત થતી. અંધારે વિહાર ન કરવો. અંધારે વિહાર ન કરવો પડે એ માટે લાંબો વિહાર ન કરવો. લાંબો વિહાર કરવો ન પડે તે માટે પ્રસંગોથી નિર્લેપ રહેવું. આ સૂઝ તેમણે કેળવી હતી. પ્રભાવના કરતા આરાધના વધુ અગત્યની છે; તે તેમના વિહારક્રમ દ્વારા પણ સમજાતું.

તેમના વિહાર **'दवदवचारि'** નહોતા. તેમની સ્થિરતા જ્યાં હોય ત્યાં પણ ગમન-આગમનની દરેક ક્રિયાઓમાં એક ગંભીરતા અને સ્થિરતા વર્તાતી. ગોચરી લેવા જવું, પાણી લેવા જવું કે દેરાસરે જવું; આ ક્રિયાઓમાં મકાનેથી નીકળીને ગન્તવ્ય સ્થાને પહોંચવા માટે માર્ગ ઉપર જે પદસંચાર થતો તે ઈર્યાપથિકીથી અલંકૃત રહેતો. ઝેન કથાઓ કહે છે - જે પ્રવૃત્તિ કરો તેમાં ડૂબી જાઓ. આ પદસંચારને લાગુ પડે છે. જે એકાગ્રતા અને શાંતિ જિનાલયમાં ચૈત્યવંદન વખતે હોય તે જ એકાગ્રતા અને શાંતિ જિનાલય તરફ જતી વખતે અને એ જિનાલયથી નીકળ્યા બાદ ઈર્યાપથિકીના પાલનમાં હોય. **'समयं गोयम मा पमायए'** નો પડઘો પડે છે **दवदव** વિનાના પદ સંચારમાં. મારું ચાલવું તે આરાધનાની પ્રવૃત્તિ છે તેવું સંવેદે તે સાધક છે. ચાલીને પહોંચ્યા બાદની નવી ક્રિયા, તે નવી આરાધના છે. તે તો વળી લાભની જ વાત છે ને?

**'दवदवभोइ'** અવસ્થા આહાર પાણીના ગ્રહણ સંબંધી છે. આહારનો કોળિયો અને પાણીનો ઘુંટડો - સાધકની દેહવૃત્તિ છે. આહાર કે પાણી વાપરવામાં સાધક શોખ ન કરે તે હકીકત છે, અને ઉતાવળ કે અવ્યવસ્થા ન કરે તે પણ હકીકત છે. ગોચરી વાપરતી વખતે પોતાની સ્વાદવૃત્તિ પોષાય, પોતાની નિર્દોષ ગોચરીનો સંભવિત ગર્વ પોષાય કે જ્ઞાનાચારનો ભંગ થાય તો **दवदवभोइ**નું બિરુદ કપાળે લખાય જ. શરીરને આહાર આપ્યા વિના આરાધના આગળ નથી વધતી માટે આહારગ્રહણ કરવાનો છે તે સાફ વાત છે. તપસ્યાના મનોરથ અને તપસ્વીની અનુમોદના વિનાનો એક પણ કોળિયો કે ઘૂંટડો તેમના ગળે ઊતરતો નહિ. સ્વાદિષ્ટ વસ્તુ અને ન ભાવે તેવી વસ્તુ મોઢામાં જાય અને તે તે સ્વાદ સમજાય તે પછી સ્વાદિષ્ટ વસ્તુને મમળાવવી અને ન ભાવતી વસ્તુને ઝટ ગળે ઉતારી દેવી, આ રસવૃત્તિથી તેઓ દૂર રહેતા. તેમના આહારગ્રહણમાં પણ એક વૈરાગ્યનો પડછાયો નજરે જોવા મળતો તેવું વડીલો પાસેથી સાંભળેલા પ્રસંગો દ્વારા સમજાય છે.

**'दवदवभासि'** - અવસ્થા વાણી સંબંધી છે. મનમાં જે આવ્યું તે બોલી દેવું એ ગંભીરતાની નિશાની નથી. (અલબત્ત, મનમાં જે હોય તે બોલવું તેને અધ્યાત્મવચન કહે છે આગમશાસ્ત્રો, પરન્તુ તે અલગ કક્ષાની વાત છે.) જે બોલીએ તે વિચારપૂર્વકનું હોય, આવેશ અને પૂર્વગ્રહ વિનાનું હોય, આવશ્યક હોય અને પરિણામગામી હોય. પોતાનું કથન ભાષાસમિતિ અને વચનગુપ્તિને અનુરૂપ હોય તેવું સાધક સતત ઝંખે. તીર્થંકરના આત્માઓ શ્રમણપણામાં છદ્મસ્થ અવસ્થામાં અલ્પતમ ભાષી હોય છે તે છદ્મસ્થ સાધક કેમ કરીને ભૂલી શકે? વાતો કરવી અને વાર્તાલાપ કરવો. આ બે વચ્ચેની ભેદરેખા ઊભી રાખે અને વાર્તાલાપ જ કરે, વાતો ન કરે તે સાધક. **પૂ. મુનિશ્રી રામવિજયજી મહારાજ** વાર્તાલાપ સાધતા, વાતો ન કરતા. વાતો થકી કશુંક સિદ્ધ થયું કે હાંસિલ થયું, તો વાતો કરવાનો સમય સફળ. વાતો પૂરી થયા બાદ આપણે હતા ત્યાંના ત્યાં જ રહીએ તો એ વાર્તાલાપ ન કહેવાય. તેઓ **વ્યાખ્યાન-વાચસ્પતિ** બન્યા તે પૂર્વે તેઓ **વાર્તાલાપ વાચસ્પતિ** બન્યા હતા. બિનજરૂરી બાબતો, મુદ્દાઓ, અને શબ્દોથી દૂર રહેવાનું તેમને સહજ હતું. તેઓ ઝડપથી ન બોલતા. ધીમે ધીમે બોલતા પણ તેમનો આ ઉચ્ચાર - લય સાહજીક હતો. ગોઠવી ગોઠવીને બોલવાની આદત ચાલાકીમાંથી આવે છે, તેનાથી તેઓ દૂર હતા. **પૂ. ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી મહારાજે** તેમનું પ્રથમ વ્યાખ્યાન થયા પછી કહેલું કે - ધીમે ધીમે બોલવું. આ સૂચના વ્યાખ્યાન માટે હતી. **दवदवभासि** - તો વાતચીત માટેની સમસ્યા છે. ભાવાવેશમાં આવીને એવું કાંઈક બોલી ગયા, જેની પાછળથી માફી માગવી પડી; તેવું તેમના કિસ્સામાં કદી ના બન્યું, કેમકે તેઓ **दवदवभासि** નહોતા.

**'दवदवपडिलेही'** અવસ્થા પ્રતિલેખના આદિ ક્રિયાઓ સંબંધી છે. સાધકને કોઈ ટાર્ગેટ નથી હોતા. સાધક જીવનચર્યાની એકે એક ક્ષણને આજ્ઞાપાલનનો ઉત્સવ બનાવે છે. પ્રતિક્રમણ, પડિલેહણ આદિ ક્રિયાઓ ઉતાવળે કરી લેવી અને પછી શાંતિથી સ્વાધ્યાય, અભ્યાસ કરવો આવું તેમના મગજમાં નહોતું આવતું. પ્રતિક્રમણ, પચ્ચક્ખાણ, સૂત્રોચ્ચારણ, માંગલિક પ્રદાન, પડિલેહણ આદિ મંગલ ક્રિયાઓમાં પણ કેવળજ્ઞાન આપવાની શક્તિ છે. જોડવાનો હોય છે માત્ર મહાત્મા અઈમુત્તાજી જેવો પ્રબળ ભાવ. જ્ઞાનોપાર્જનની ગણત્રી મનમાં રાખીને રોજીંદી ક્રિયાઓ ઉતાવળે કરવામાં સીમાભંગ થાય છે. સાધકનું સ્વરૂપ આત્મવિશોધિ છે. તે જેના થકી થાય છે, તે જ તો સાધક આચરે છે. પડિલેહણની વિધિથી દરેક ઉપકરણ સાથે પુનરાવર્તન પામતા દસ કે પચીસ બોલ દ્વારા અનાદિકાળની દુષ્ટ સંજ્ઞાઓને ઘસારો પહોંચે છે, તે સાધકને યાદ હોય છે. આવશ્યક ક્રિયાઓ અને પ્રતિલેખનામાં પ્રશસ્ય ઉપયોગ રાખવો એનો અર્થ એ છે કે - જે નિરાંત સાથે વ્યાખ્યાન આપીએ છીએ અને સાંભળીએ છીએ, એ જ નિરાંત આવશ્યક ક્રિયા અને પ્રતિલેખનામાં પણ જોડવી. દિનચર્યાની આજ્ઞાનિષ્ઠા એ જ છે સાચી સાધના. **પૂજ્ય મુનિવર શ્રી રામવિજયજીથી માંડીને તપાગચ્છાધિરાજ પૂ. આ. ભ. શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી બનવા સુધીની જીવનયાત્રામાં તેઓ આ દવદવના દોષથી દૂર રહ્યા.**

**બીજું અસમાધિસ્થાન છે 'અપ્રમાર્જના'.** આરાધક જીવને બેદરકારી નથી ગમતી. વસ્ત્ર, પાત્ર, ઉપકરણ, ભૂમિની પ્રમાર્જના તેમજ ક્રિયાઓમાં દેહપ્રમાર્જના દ્વારા જયણા સાધવાની છે. **जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए** - આ આગમ વચનમાં પ્રમાર્જનની પ્રેરણા ઠાંસી ઠાંસીને ભરી છે. તેઓ શ્રીમદ્ મુહપત્તિની પડિલેહણા કરતા તે દૃશ્ય જેમણે જોયું છે તે કદી ન ભૂલી શકે. ઓઘો હાથમાં લઈને દશીથી ભૂમિ કે ટેબલ પ્રમાર્જવાનો તેમનો અભિગમ એક અલગ જ ગૌરવથી સમૃદ્ધ હતો. ઉત્સૂત્રના વિરોધમાં જે સ્ફૂર્તિ તેમણે દાખવી હતી તેવી જ સ્ફૂર્તિ તેમની પ્રમાર્જનામાં ઝળહળતી જોવા મળતી. પોતે જે પાટ પર બેસે તે પાટની ભૂમિ પણ પ્રમાર્જનારહિત ન હોય તેની તેઓ સાવધાની રાખતા. વિ.સં. ૧૯૬૯ની પોષ સુદ તેરસે મળેલી પાંચ સમિતિમાંની ચોથી(-પાંચમી) સમિતિમાં તેઓ સદા જાગૃત રહેતા હતા. પ્રમાર્જનાને ચૂકવાનું તેમને ક્યારેય કબૂલ ન હતું.

**ત્રીજું અસમાધિનું સ્થાન છે, 'દુષ્પ્રમાર્જના'.** પ્રમાર્જના કરવી પણ ઉતાવળે કરવી અને ગરબડવાળી કરવી એ દોષ છે. ઓઘાથી ધૂળ ઝાટકવી, મુહપત્તિથી મચ્છર ઊડાડવા અને આસનથી સાફ સફાઈ કરવી એ તેમની સાધકવૃત્તિને નહોતું રુચતું. આ જયણા નથી, સાતાગારવ છે. ઓઘાથી પૂંજવું અને જીવકિલામણા ટાળવી તે પ્રમાર્જના છે. મુહપત્તિથી ત્રસ-સ્થાવર જીવોની વિરાધના ટાળવી તે પ્રમાર્જના છે. દંડાસણથી વસતિ નિવાસને નિરવદ્ય અને નિર્દોષ બનાવીએ તે પ્રમાર્જના છે. તેમનો સાધક આત્મા ઉપકરણોનો ઉચિત ઉપયોગ કરવા દ્વારા દુષ્પ્રમાર્જનાને સતત ટાળતો રહ્યો. વ્યાખ્યાનની પાટ, બેઠક, ડોળી, ખુરસીની પ્રમાર્જના અણીશુદ્ધ થયેલી હોય તે જોવાનું તેમને ગમતું. પ્રમાર્જનાને તેઓ પ્રભુવચનના પાલનરૂપે માણતા અને એમ અનુભવતા કે પ્રમાર્જના દ્વારા હું મારા પરમાત્માની વાણીને જીવનમાં અવતરિત કરું છું. અખૂટ નિર્જરા સધાતી એ પ્રમાર્જના થકી.

**ચોથું અસમાધિસ્થાન છે - 'अतिरिक्त उपकरण संग्रह।'** આરાધના અને દેહનિર્વાહ માટે આવશ્યક હોય તેટલા ઉપકરણો રાખવાં પરંતુ આવશ્યક ન હોય તેવાં અને તેટલાં ઉપકરણો ન રાખવાં; આ સાધકની અપરિગ્રહવૃત્તિ છે. પોતાનાં ઉપકરણો પોતે ઊંચકે છે. સાધક પોતે ઊંચકી ન શકે તે ઉપકરણ સાધુ રાખે જ નહિ. **પૂ. મુનિશ્રી રામવિજયજી મહારાજે** કેટલા વરસ સુધી પોતાની ઉપધિ પોતે ખભે બાંધી અને સાયકલવાળા વિના વિહાર કર્યો તેના લેખાંજોખાં કરવા બેસીએ તો ખાસ્સાં બધાં વર્ષો ગણવા મળે. ઘડિયાળ અને એડ્રેસની ડાયરી વિના સાધકને ચાલે. તેમણે વરસો સુધી ચલાવ્યું હતું. એમને મળેલા ભક્તો એટલા જાગ્રત હતા કે એમને ફોન નંબર-સરનામાની નોંધ રાખવી પડતી ન હોતી. કામ કરનારા માણસને રાખ્યા વિના તેમનો કાર્યનિર્વાહ થતો જ

હતો. શિષ્યો પણ એવા કેળવ્યા કે પચાસ સાધુઓના વિહારમાં પણ સામાનની વ્યવસ્થા સાધુઓ સંભાળી લેતા. ગણના નેતા બન્યા બાદ ઉપકરણ સંગ્રહ થતો રહ્યો તેનું વ્યવસ્થાપન પણ અલ્પસંગ્રહકારિતા દ્વારા થતું રહ્યું. મુખ્ય વાત ઉપકરણ ભેગાં કરવાની વૃત્તિ તેમનામાં હતી નહિ. નિર્લેપભાવ અને પરિગ્રહને ઝાઝો મેળ બેસતો નથી, તે સમજી શકાય છે.

**પાંચમું અસમાધિસ્થાન છે 'रत्नाधिक पराभव'** પોતાના વડીલનો પરાભવ કરવામાં સજ્જનતા જ હોતી નથી તો સાધુતા તો ક્યાંથી જ હોય? શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રપાલન સંબંધી મદને લીધે વડીલોની અવજ્ઞા, ઉપેક્ષા કે અનાદરવૃત્તિ આવી શકે છે. અહંકાર છદ્મસ્થતાને લીધે આવે છે અને અપમાનિત થાય છે સાધનાનિષ્ઠ આરાધક. મારા જેવું સમર્પણ તમારામાં નથી, આવો ગર્વ શ્રદ્ધાને અહંકાર સુધી ખેંચી જાય છે. મારા જેવું ભણતર કેટલામાં જોવા મળે, એવો ગર્વ જ્ઞાનને અભિમાનમાં ફેરવી દે. મારા જેવું શુદ્ધ આચારપાલન કોણ કરે છે? આવો ગર્વ ચારિત્રને મદમાં બાંધી લે છે. પોતાની ઊંચાઈ સાબિત કરવાનું મન થાય છે અને તેની ધૂનમાં વડીલના માનભંગ કરવા સુધીનું વલણ આવી જાય છે. પુણ્ય અને પ્રભાવની દૃષ્ટિએ સંઘમાં બહુ જ ઊંચા સ્થાને બિરાજમાન હોવા છતાં તેઓ વડીલોનો આદરભાવ ક્યારેય ન ચૂક્યા. વડીલોના વિશ્વાસને તેમણે જીવની જેમ જાળવ્યો હતો.

**છટ્ઠું અસમાધિસ્થાન છે 'स्थविर उपघात'** રત્નાધિક અને વડીલવચ્ચે ફરક સમજવો હોય તો સાધારણ રીતે એમ કહી શકાય કે - જે દીક્ષા પર્યાયમાં મોટા છે તે રત્નાધિક છે અને જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણા ઉપકારી છે અને આપણાથી મોટા પણ છે તે સ્થવિર. સામાન્ય રીતે પદસ્થો પણ સ્થવિર ગણાય. સ્થવિરનું ગૌરવ જાળવવું તે સાધકનું કર્તવ્ય બને છે. સ્થવિરની ભૂલો કાઢવી, હીલના કરવી તે સાધકને શોભતું નથી. **પૂ. મુનિ શ્રી રામવિજયજીએ** કેટલા સ્થવિરોનો આદર કર્યો હતો તે એમના મુનિ અવસ્થાના પ્રસંગો પરથી જાણવા મળે છે. તેઓ એ જ વડીલોની સેવા કરવા ત્રણેય વખતની ગોચરીએ જતા. એ વડીલોનાં વસ્ત્રોનો કાપ જાતે કાઢતા. અને રોજ પાંચ વડીલોના ઓઘા બાંધવા સમેત પડિલેહણનો લાભ લેતા. વડીલોની ભૂલ હોય કે ન હોય, સાધકે વડીલોના પરાભવની અનુચિત પ્રવૃત્તિ ટાળવાની જ હોય. વ્યક્તિગત ગમો-અણગમો સાધક મનમાં રાખે જ નહિ અને તેને લઈને વડીલો સાથે વાંધો પડે જ નહિ.

**સાતમું અસમાધિસ્થાન છે 'भूतोपघात'.** જીવવિરાધના. પોતાની આચારચર્યા અને આહારચર્યા દ્વારા હિંસા કે વિરાધનાનું પ્રત્યક્ષ અનુમોદન થાય તે સાધકને સ્વીકાર્ય નથી હોતું. તેમનામાં આવી જાગૃતિ અવિરત જોવા મળતી. રાતે અંધારામાં ફાનસ કે બલ્બનો ઉપયોગ કરવાનું ન રુચે. દિવસે કારણવગરની અવરજવર ન ગમે. રોજ પોતાનાં વસ્ત્રો ધોવાય તેનાથી નારાજ રહેતા. દોરી ઉપર સૂકાતાં વસ્ત્રોને ઊડતાં જુએ તો શિષ્યો પાસે વસ્ત્રોને ઉતરાવી લે. અંતિમ અવસ્થામાં હૃદયમાં નાનું સરખું મશીન મૂકીને શતાયુષી બનવાનો મોકો તેમની સમક્ષ ડૉક્ટરો દ્વારા આવ્યો હતો. તેમણે વિરાધના ટાળી, મશીન ન સ્વીકાર્યું. અંધારાના વિહાર કે યાત્રાથી તેઓ નારાજ થતા. અન્ય જીવના જીવન અને આયુષ્યને નુકસાન થાય તેવી કોઈ પ્રવૃત્તિ તેમને માન્ય ન હતી. અહિંસા હાડોહાડ વસાવી દીધી હતી.

**આઠમું અસમાધિસ્થા છે 'संज्वलन'** પોતાનો સ્વભાવ એવો કેળવ્યો હતો કે - વાત કરતાં કરતાં ગુસ્સો આવી જાય તેવું બનતું જ નહિ. પ્રસંગ વશાત્ તુરત ગુસ્સામાં આવી જવું તે **સંજ્વલન** છે. તેઓ શાંત-પ્રશાંત હતા, ક્રોધના પરિતાપથી રહિત હતા. ઘણું ખમ્યું પણ ગુસ્સો કદી ન કર્યો, કરુણા ધારણ કરી, બસ.

**નવમું અસમાધિસ્થાન છે 'क्रोधन'** મનમાં વૈરનો અનુબંધ રાખીને ગુપ્ત રીતે ગુસ્સાને ચિરંજીવ રાખવો તે **ક્રોધન અવસ્થા** છે. તત્કાલ ગુસ્સો કરી દેવો તે સંજ્વલન. પછી વાત ભૂલાઈ જાય. સંજ્વલનમાં મનમાં ગુસ્સો સંઘરી રાખવો તે ક્રોધન. વાત ભુલાય નહિ. પરંપરા ચાલે દ્વેષની. તેઓ છન્નું વરસ જીવ્યા. કેટલાક લોકો તેમને લાંબા સમય સુધી પરેશાન કરતા રહ્યા. તેમની સામે જડબાતોડ જવાબ આપી દેવાનું ઝનૂન તેમણે કદી ન કેળવ્યું. તેમણે પોતાને

થયેલી તકલીફોને અને તકલીફ આપનારની હરકતોને કેવળ કર્મોદયની લીલા ગણી હતી. આ ગંભીર સહનશીલતાને લીધે તેમને કોઈના પર દ્વેષ ન થયો. તેમની સદા પ્રસન્ન અવસ્થાનું રહસ્ય આ હતું.

**દસમું અસમાધિસ્થાન છે 'पिट्ठिमंसिअ'** અવસ્થા. પીઠ પાછળ નિંદા કરવી તે પૃષ્ટમંસિકતા છે. તેઓ હિમાલયના શિખર ઉપર બિરાજમાન હતા. તેમને નિંદા જેવી પામર અને તુચ્છ પ્રવૃત્તિની આવશ્યકતા હતી જ નહિ. નિંદા કરીને અન્યને નબળા સાબિત કરવાનો માર્ગ તેમને સ્વીકાર્ય ન હતો. તેઓ ગુણાનુવાદ અને ઉપબૃંહણાના પ્રવાસી હતા.

**અગિયારમું અસમાધિસ્થાન છે - 'अभिक्खमोहारि'** જે વિષયમાં શંકા હોય તે વિષયને જ'કારપૂર્વક બોલવાથી આ દોષ લાગુ પડે છે. અસમાધિ એ છે કે - આપણી સમજણની અસ્પષ્ટતાની ઉપેક્ષા કરીને આપણે અજ્ઞાનને બળવત્તર બનાવીએ છીએ. જીભ સત્ય પ્રદિપાદન માટે છે. જીભદ્વારા દરેક વખતે સત્ય પ્રતિપાદન ન થઈ શકતું હોય તે સંભવી શકે છે. આપણી જીભ અસત્પ્રતિપાદન માટે નથી તે સમજી રાખવું જોઈએ. જે વિષયમાં સમજ ન પડે તેમાં હસ્તક્ષેપ કરવાથી ગોટાળા ઊભા થાય છે, તે સાધક જાણે છે. જે વિષયમાં બોધ મેળવ્યો હોય તેમાં સ્પષ્ટ પ્રતિપાદન જરૂર કરવું. જે વિષયનો બોધ સ્પષ્ટ ન હોય તે અંગેનું પ્રતિપાદન સાવધાની પૂર્વક, સાપેક્ષભાવ જાળવીને કરવું. તેમના જીવનમાં આ સાવધાની અક્ષરશઃ જોવા મળતી હતી. તેમના જાહેર પ્રતિપાદનો અને તેમની જગજાહેર ઉપલબ્ધિઓ સામે પ્રશ્નાર્થ ઊભા થયા ન હતા, તેની પાછળ આ સાવધાનીનો મોટો ફાળો હતો. તેમનાં પ્રતિપાદનોને શાસ્ત્રીય દષ્ટિએ સર્વાંગ સંપૂર્ણ માનવાપૂર્વક જ તો પૂ. **આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા**એ કહેલું હતું કે 'એનાં વ્યાખ્યાનો સંસ્કૃતમાં લખી લેશો તો ભવિષ્યમાં એ શાસ્ત્રની ગરજ સારશે.'

**બારમું અસમાધિસ્થાન છે - 'अहिगरणकरण'** કલહ થાય તેવું બોલવું અને કલહકારી પ્રસંગનું નિમિત્ત બનવું. કષાયનું કારણ સાધક શું કામ બને? સાધુ અકષાયનો આરાધક છે. સમુદાયમાં, સંઘમાં કે મકાનમાં કોઈ કલહ કરે નહિ કે કરાવે નહિ, તે જ સાધના કરી શકે. તેઓ કલહથી દૂર રહ્યા. સત્યકથનને કલહ ગણીએ તો **ગોશાળા** સમક્ષ **શ્રી મહાવીરસ્વામી ભગવાન** બોલ્યા તેને પણ કલહ માનવો પડશે. યથાર્થ પ્રરૂપણાને કલહ ન કહેવાય. તેઓ કલહથી તેમ જ કલહકારિતાથી દૂર રહેતા. પોતાના તમામ વડીલોના અત્યંત આદરપાત્ર બનેલા. **પૂ. મુનિશ્રી રામવિજયજી મ. ને જે જે સંઘર્ષો કરવાના આવ્યા તેમાં પૂ. આ. ભ. શ્રીમદ્‌વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજા,** પૂ. આ. ભ. **શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજા,** પૂ. આ. ભ. **શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજા,** પૂ. આ. ભ. **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા** આદિ વડીલોની હૂંફ મળી હતી, કેમ કે તેઓ કલહ નહોતા કરતા પણ યથાર્થ પ્રરૂપણા કરતા હતા.

**તેરમું અસમાધિસ્થાન છે - 'अहिगरणोदीरण'** જે કલહ શાંત થઈ ગયો છે તેને ફરીથી ખોતરીને ઉખેળવો તે **अहिगरणोदीरण** છે. જૂની વાતોની ગાંઠને નવો વળ ચડાવવો તે ઉદીરણ છે. પોતાની માન્યતાને અને અન્યની અમાન્યતાને સિદ્ધ કરવા માટેનો સંઘર્ષ છે તેમ સામાન્ય રીતે માનવામાં આવે છે. આજ્ઞાનિષ્ઠાને ઊભી રાખવાને માટે કડક થવું તે કલહ નથી. ખોટી અને અશાસ્ત્રીય બાબતોને પડકારવી તે કલહ નથી. પોતાનો અહંકાર અને દ્વેષભાવ પોષવા માટેનું ઉગ્ર વલણ તે કલહ છે. તેઓ ૭૯ વર્ષના સંયમપર્યાયમાં પોતાના માટે અહંકાર ન રાખી શક્યા અને અન્ય માટે દ્વેષભાવ ન બતાવી શક્યા. તેમને કલહકારી સાબિત કરવા કોશીશ થઈ, તેના જવાબમાં તેમણે એક સૂચન કર્યું કે - બધા જ આચાર્યો સિદ્ધાચળજીની તલાટીમાં બેસી અઠ્ઠમ કરે, શાસનદેવી મારફત તમામ મતભેદોમાં સાચું શું અને ખોટું શું તેનો જ્ઞાનીને પૂછી નિર્ણય કરાવીએ. મારી વાતો ખોટી હશે તો હું પ્રાયશ્ચિત્ત કરીશ. કલહને ટાળવાની વાતો કરવી અલગ હોય છે અને કલહને મૂળમાંથી મીટાવી દેવાની તત્પરતા રાખવી તે અલગ વાત છે. તેઓ સંઘર્ષમાં નિર્ભીક રહી શક્યા તે તેમની સાત્ત્વિકતા હતી. સાત્ત્વિકતાને કલહકારિતા કહેવામાં સાત્ત્વિકતાનું અપમાન થાય છે.

**ચૌદમું અસમાધિસ્થાન છે - 'अकालेस्वाध्याय'** આગમશાસ્ત્રો અને પૂર્વધરરચિત ગ્રંથો માટે અમુક સમયે સ્વાધ્યાય નિષિદ્ધ છે. તે સમયે તત્ત્વાર્થ ચિંતન કરી શકાય. આગમસૂત્રોની આમન્યા જાળવવી તે મુખ્ય વાત છે. આગમોને આત્મસાત્ કર્યા વિના અન્ય ગ્રંથોમાં ઊંડા ઊતરે તેની પરિણતિ કેટલી શ્રદ્ધાસંપન્ન બને તે પ્રશ્ન રહે છે. આગમના પદાર્થોનું સ્પષ્ટીકરણ અન્ય ગ્રંથો દ્વારા થાય છે. તે રીતે અન્ય ગ્રંથો આગમ અભ્યાસના પુરક બને છે. આગમનો અભ્યાસ અધિકારી સાધકો જ કરી શકે છે. તે અભ્યાસ કરવાની સમય મર્યાદા જાળવવી જોઈએ. અકાળે સ્વાધ્યાયને અસમાધિ ગણાવવાનું કારણ શું હોઈ શકે? ભણવાની આત્યંતિક પ્રીતિને લીધે અન્ય યોગો પ્રત્યે ઉદાસીનતા આવી જાય તે કારણ હશે? ભણવાના આત્યંતિક રસને લીધે દેહવૃત્તિની ઉપેક્ષા કરવાનું વલણ ઘડાય નહિ તે કારણ હશે? કારણ મહત્ત્વનાં છે તેથી મહત્ત્વનું છે લક્ષ્ય. સ્વાધ્યાય અવશ્ય કરવો અને અકાળે સ્વાધ્યાય ન કરવો. અનુયોગદ્વારસૂત્રને વીસ જ દિવસમાં કંઠસ્થ કરી લેનાર **પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજ** આ અસમાધિસ્થાનથી સદા દૂર હતા.

**પંદરમું અસમાધિસ્થાન છે 'ससरस्सपाणिपाओ'** પદ સંચાર દ્વારા વિહાર થાય છે. એક ગામની સીમમાંથી અન્ય ગામની સીમમાં પ્રવેશ કરીએ ત્યારે પગને પ્રમાર્જવા જોઈએ, કેમકે - પગને લાગેલી સચિત્ત માટી અન્ય ભૂમિની સચિત્ત માટીની સ્પર્શનાથી કિલામણા પામી શકે છે. એક વિહારમાં જેટલાં ગામ પસાર થાય તે દરેકની સીમ વટાવતી વખતે પગની પ્રમાર્જના કરવી તે વિધિ છે. વિહારનો થાક, મુકામે પહોંચવાની ઉતાવળ અને લાંબા લાંબા વિહારોમાં આ મહાન મર્યાદા ન ચૂકાય તેનો સાધકે ખ્યાલ રાખવો જોઈએ. તેઓ આ મર્યાદાનું પાલન કરતા. તેમની જીવનકથા સંબંધી સેંકડો રંગોળી બની છે. આ દશ્યને સાકાર કરતી એક રંગોળી બનવી જોઈએ. ગંધારમાં દીક્ષા લીધા બાદ તેઓ વડીલોની નિશ્રામાં સમની થઈને ભરૂચ પધાર્યા હતા. ત્રણ દિવસમાં ગંધારની સીમ વળોટતી વખતે નૂતન દીક્ષિતને દંડાસનથી પગ પ્રમાર્જતા **પૂ. મુનિરાજશ્રી મંગળવિજયજી મ., પૂ. મુનિરાજશ્રી નયવિજયજી મ.** અને **પૂ. મુનિરાજશ્રી પ્રકાશવિજયજી મ.** એ જોયા હશે!

**સોળમું અસમાધિસ્થાન છે 'सद्दकरो'** બિનજરૂરી વાતો ન કરવા અવાજ ન કરવો. મોટા અવાજે વાતો ન કરવી. ઘોંઘાટ કરવો તે **सद्दकरो** દોષ છે. આ દોષ ટાળવાની ચાર મર્યાદા છે. ૧. કર્કશ વાણી અને ઉગ્રભાષા ન વાપરવી. ૨. વિકાળે - સાંજના સમયે ઊંચા અવાજે ન બોલવું, ૩. વહેલી સવારે મોટા સાદે ન બોલે, ૪. ગૃહસ્થ જેવી ભાષામાં વાર્તાલાપ ન કરે. ચારેય મર્યાદા તેઓ પાળતા હતા. તેમની વાણી કડક બની શકતી, કઠોર નહિ. તેમનાં વચન સ્પષ્ટ બની જતાં, તીખાં નહિ. આ પ્રથમ મર્યાદા. સાંજના સમયે પ્રતિક્રમણ કરવા સિવાય મોટા અવાજે બોલવાનું ન હોય. મંદ સ્વરે સ્વાધ્યાય કરવાનો હોય. તેમના મંદસ્વર સ્વાધ્યાયને અને સાંભળનારા વડીલો અને સહવર્તીઓને વંદના. તેમના શિષ્યો સાંજ પછીની તેમની અલ્પભાષિતાને જાણે છે. વહેલી સવારે અજવાળું ન થાય ત્યાંસુધી વાતો કરવાનું તેઓ ટાળતા, કેમકે સાધકના અવાજથી જાગી ઊઠેલા નાનાં મોટાં પ્રાણીઓની સાવદ્યપ્રવૃત્તિનો દોષ સાધકને લાગે, તે વાત તેમને હૃદયસ્થ હતી. ચોથી મર્યાદા તો તેમણે અદ્ભુત જાળવેલી. ભક્તોને-શ્રીમંતોને વ્યવહારકુશળ મીઠાશથી સાચવી લેવાની તેમને જરૂર પડી નહોતી. સહજ રીતે વાત કરતા. બધા સાથે એક સરખી ભાષા. અને હા, ગૃહસ્થ જેવી આદેશાત્મક અને અનુચિત અનુમોદનાત્મક ભાષા હંમેશા તેઓ ટાળતા. તેઓ વ્યાખ્યાન વાચસ્પતિ હતા કેમકે તેઓ **सद्दकर** નહોતા.

**સત્તરમું અસમાધિસ્થાન છે 'कलहकर'** સ્વભાવનો પ્રશ્ન. કોઈની સાથે જામે છે કે નથી જામતું તેનો આધાર સ્વભાવ ઉપર હોય છે. સહવર્તી અથવા નિશ્રાદાતા સાથે મેળ ન બેસાડી શકે તેને સમાધિ ક્યાંથી રહી શકે? પોતાનું વિચારેલું જ થવું જોઈએ તેવો જડ આગ્રહ કલહનું નિર્માણ કરે છે. તેમણે એકી સાથે અઢીસો સાધુઓ, પાંચસો જેટલા સાધ્વીજીઓ અને સેંકડો સંઘો તથા હજારો ભક્તોને સાચવ્યા હતા. ક્યાંય કશે સ્વભાવમેળનો પ્રશ્ન આવ્યો ન હતો. સારો સ્વભાવ એટલે સામા માણસના સ્વભાવને સંભાળી લેવાની આવડત. સામા માણસના સ્વભાવને સંભાળી ન શકે તે ક્લેશમાં ફસાય. તેઓ સ્વભાવનું માધુર્ય ધારણ કરનારા મનોહર પુષ્પ હતા. તેમની સુવાસ બધું જ ભૂલાવી દેતી. દુઃખ, દર્દ, રોષ, નારાજગી બધું જ શાંત થઈ જતું તેમની સમક્ષ.

**અઢારમું અસમાધિસ્થાન છે 'झंझकारी'** ગણમાં ભેદ ઊભો થાય તેવી પ્રવૃત્તિને **झंझ** કહેવાય છે. સ્વભાવની વિચિત્રતા સાથે જો નેતૃત્વ મળે તો શું થાય એ કળિકાળમાં જોવા મળે છે. વડીલોનું નેતૃત્વ ફગાવી દેવા માટે શાસ્ત્રીયતા અને એકતાનું બહાનું ઊભું કરીને પોતાનો સ્વતંત્ર પક્ષ ઊભો કરી દેવો એ ઝંઝ છે. વડીલોને સાથે રાખવા, વડીલોની સાથે રહેવું આ સાધકના નેતૃત્વની નિશાની છે. તેમણે પોતાના વડીલોથી વિખૂટા થવાનું વલણ રાખ્યું નહોતું. બલકે તે તે વડીલોને પ્રસન્ન રાખવાનું વલણ રાખ્યું હતું. ઈતિહાસ સાક્ષી પૂરશે કે તેમણે જે સૈદ્ધાંતિક કાર્યો કર્યાં તેમાં પૂ.આ.ભ. **શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ.,** પૂ.આ.ભ. **શ્રીમદ્ વિજય દાન સૂરીશ્વરજી મ.,** પૂ.આ.ભ. **શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી,** પૂ.આ.ભ. **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.** આદિ વડીલોની છત્રછાયા તેમણે પોતાના મસ્તક ઉપર જાળવી રાખી હતી. વડીલોથી વિખૂટા પડવાનું ઝંઝ તેમણે નહોતું દાખવ્યું, બલકે આવા **झंझ** કરનારાને તેવી પ્રવૃત્તિથી બચાવવા તેમણે પુષ્કળ પ્રયત્ન કર્યા હતા.

**ઓગણીસમું અસમાધિસ્થાન છે 'सूरप्पमाणं भोइ'** સૂરજ ઊગે ત્યારથી માંડીને સૂરજ ડૂબે ત્યાં સુધી આહાર પ્રવૃત્તિમાં જોડાયેલા રહેવું તે અસમાધિનું લક્ષણ છે. લગભગ કોઈ સાધક આ અસમાધિ સ્થાનમાં ન જોવા મળે. પરન્તુ આ મુદ્દો સમજવા જેવો છે. રાત્રે વાપરવાનું નથી માટે રાત્રે વાપરવાનો વિચાર કે વાર્તાલાપ ઉચિત છે? ના. ગોચરીના સમયે જે મળ્યું તે વાપરીને ઊભા થઈ જવું તે સાધકની નિશાની છે. આખા દિવસમાં ખાવાપીવા સંબંધી ચર્ચાને, મતલબ કે ભક્તકથાને મહત્ત્વ ન મળે તે માટે જાગૃત રહેવાનું તેમને માટે સહજ હતું. નિર્દોષ ગોચરી અને અન્ય ગોચરી વાપરતી વખતે ભક્તકથા સંબંધી વિચારણા કે વાતો થતી હોય તો સાધક અવસ્થા જોખમમાં છે. વાપરવામાં વધારે સમય જાય તે પણ સાધક માટે ઉચિત નથી. તેઓ આહારસંજ્ઞાથી પોતાને બચાવી રાખતા હતા. વૃત્તિ સંક્ષેપ અને રસત્યાગના તો તેઓ મહારથી હતા.

**વીસમું અસમાધિસ્થાન છે 'एषणा समिति नो અભાવ** - બેંતાલીસ દોષ ગોચરીના અને પાંચ દોષ માંડલીના; આ તમામ દોષથી બચીને આહાર ગ્રહણ કરવો તે અણગાર વ્રત. જાણી જોઈને કેવળ રસસ્વાદ માટે દોષિત ગોચરી લેવી તે આ અસમાધિસ્થાન છે. તેઓ મુનિ અવસ્થામાં દૂર દૂર ગોચરી લેવા જતા. નિર્દોષ આહારપાણી લાવતા. વડીલોની ભક્તિ માટેનું ઉચિત દ્રવ્ય પણ નિર્દોષ શોધી લાવતા. તેમની નિશ્રામાં સો-દોઢસો સાધુ રહ્યા હોય તેવા પ્રસંગોમાં તેઓ માંડલીની ઝોળીના પાતરા જોઈને નિર્દોષ છે કે નહિ તે કહી જણાવતા. તદ્દન બેરોકટોક રીતે દોષિત આહાર ગ્રહણ કરવાના ચલણને તેમણે ક્યારેય સ્વીકાર્ય માન્યું ન હતું.

સાધુજીવનમાં તેમને આચાર્યપદનાં વરસો પણ પચાસથી વધુ મળ્યા. પરિણામે તેમની પ્રભાવકતા ઉપર ધ્યાન સતત કેન્દ્રિત થતું રહ્યું છે સૌનું. આ વીસ અસમાધિસ્થાન તેમની અંતરંગભાવધારા સાથે ન જોડાયા તે એમની સાધક અવસ્થાનું સાફલ્ય હતું. તેમના અત્યંત પ્રસિદ્ધ જીવન પ્રસંગો દ્વારા તેમના અખૂટ સદ્‌ગુણો જાણવા મળે છે, તોય તેમના કેટલાય સદ્‌ગુણો એવા છે જે પ્રસંગમાં બંધાયા વિના ભીતરમાં મહોરતા રહ્યા. આપણે રહ્યા ઘટનાના માણસ શું પ્રસંગ બન્યો અને તેમાંથી શું પ્રેરણા મળી તે સમજી શકીએ. આ પણ સારી વાત છે. તેમના અંતરઆત્માએ વીસ સમાધિ સ્થાનોનું ઘડતર કર્યું હતું તે તેમની ભાવદીક્ષાનું અખંડ નિમજ્જન હતું. તેમણે શાસનને, સમુદાયને સંઘને સંભાળવા જે કર્યું તે ઘટના તત્ત્વરૂપે દેખાય છે તે આપણું અહોભાગ્ય. તેમણે પોતાનું અધ્યાત્મ સંભાળવા જે કર્યું તે દેખાતું નથી. તેનું કેવળ અનુમાન થઈ શકે છે.

આ વીસ મુદ્દાઓના ચિંતન-મનન સાથે દીક્ષા શતાબ્દિદિનના અધિનાયકને આલોકીએ છીએ તો તેમની પરિણતિનું અપરિસીમ વિશ્વ ઊઘડતું આવે છે નજર સામે. એની અનુમોદના અક્ષરોથી નહિ, આંખોના આનંદાશ્રુથી કરવાની છે, કેમ કે, એ પરિણતિનું વિશ્વ આજે પણ દુર્લભ છે.

(સંદર્ભઃ આવશ્યક હારિભદ્રી વૃત્તિ)

# શ્રીપાલ - મયણા-૭

(વિ.સં. ૧૯૮૬ આસો સુદ ૧૨, શનિવાર તા. ૪-૧૦-૩૦ - અપ્રગટ પ્રવચન)

● અવતરણકાર :- **શ્રી ભીખાભાઈ છગનલાલ** ● સંગ્રહકાર :- સુવિશાલગચ્છાધિપતિ સ્વ.પૂ.આ.ભ. **શ્રી હેમભૂષણસૂરિ મહારાજા**

**ગૌતમ મહારાજે** નવપદજીનો વર્ણવેલો મહિમા સાંભળી આશ્ચર્યમગ્ન બનેલા **શ્રેણિક રાજા**ને ભગવાન **શ્રી મહાવીર સ્વામીજી** કહે છે કે - એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. સઘળાં સુખોનું મૂળ નવેપદોની આરાધના છે. એ પદોની પ્રાપ્તિ વિના આત્માને શાંતિ મળતી નથી. સિદ્ધિપદ સંસારથી છૂટ્યા પછી મળે પણ બાકીના આઠે પદ આ સંસારમાં જ મળી શકે છે. ક્રમસર સંસાર છૂટવો જોઈએ. બધા યોગોની આરાધના એમાં સમાઈ જાય છે. આત્મા તન્મય બને તો આત્મા પોતે એ જ છે.

દર્શની વિના દર્શન નથી, જ્ઞાની વિના જ્ઞાન નથી, ચારિત્રી વિના ચારિત્ર નથી. જે જેમાં તન્મય બને તે તે તરીકે ઓળખાય. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ બહારની ચીજો નથી. અરિહંત પદે રહેલા આત્માની પ્રતિતી કાર્યવાહીથી થાય. અરિહંતપણાને યોગ્ય પિણ્ડ, પદ અને સ્વરૂપે રહેલો આત્મા તે **અરિહંત,** અર્થાત્ અમુક પિણ્ડે રહેલો, અમુક ક્રિયાવિશેષથી પદસ્થિત અને યોગ્ય સ્વરૂપને પામેલો આત્મા **અરિહંત.** એ સ્થિતિ આવે ત્યારે દરેક આત્મા પોતાને અરિહંતમય સાક્ષાત્ જોઈ શકે.

એ જ રીતે રૂપાદિને તજી, અંતરાત્મદશા આરાધી, પરમાત્મદશા પામે, કેવળદર્શન-કેવળજ્ઞાનમાં લીન બની પરમાત્મદશા સાધે તે **સિદ્ધ.** અનંતા આત્માઓ સિદ્ધ થયા છે અને આજે પણ સંખ્યાબંધ આત્માઓ ત્યાં પહોંચી રહ્યા છે. આપણને આ જિંદગીમાં **અરિહંત** કે **સિદ્ધપદ**નો સાક્ષાત્કાર થાય તેમ નથી, કેમકે, તે શક્તિ નથી. આત્મા તે રીતે ઘેરાઈ એવા કાળમાં ઉત્પન્ન થયો છે કે જે કાળ પણ તે માટે યોગ્ય નથી અને સામગ્રી પણ તેવી નથી; પણ બાકીના સાતે પદોની પ્રાપ્તિમાં વાંધો નથી.

વ્યવહારનય અને નિશ્ચયનય એ એક રથના બે પૈડા કે બે ઘોડા કે બે બળદ છે, એમાંના એકથી રથ ન ચાલે. નિશ્ચયદષ્ટિ વિના વ્યવહાર ફળે નહિ અને વ્યવહારનયની આચરણા વિના નિશ્ચયની પ્રાપ્તિ ન થાય. જે રીતે દ્રવ્ય અને ભાવ, તે રીતે વ્યવહાર અને નિશ્ચય. નિશ્ચય પરિણામે છે અને વ્યવહાર ક્રિયામાં છે. પરિણામ વિના ક્રિયા નિષ્ફળ અને ક્રિયા વિના પરિણામની પ્રાપ્તિ પણ નથી. અહીં દરેક ગાથામાં પૂર્વાર્ધમાં વ્યવહાર અને ઉત્તરાર્ધમાં નિશ્ચય છે. પણ એક દષ્ટિવાળો એક જ લે તે ન ચાલે. સમજદાર આદમી ગોથું ખાય એવી સ્થિતિ જ્ઞાનીએ રાખી જ નથી. આ બેમાંથી એકેક નય પકડે તે બેય મિથ્યાદષ્ટિ.

મુક્તિની સાધનામાં જેટલી પરિણામની જરૂર તેટલી જ આચરણાની જરૂર છે; જેટલી નિશ્ચયની જરૂર તેટલી જ વ્યવહારની છે. એકને મૂકી એકથી કદમ ન ભરાય. સારું આલંબન ગયું કે સારા પરિણામ ગયા સમજો, તેમજ પરિણામ ચંચળ થયા કે ક્રિયા ખોખું છે. ક્રિયા મૂકી કે પરિણામ ગયા જ માનો. મુક્તિની સાધનામાં વ્યવહારમાં આચરણા જોઈએ અને પરિણામની શુદ્ધિ જોઈએ.

સાતમા ગુણઠાણે અપ્રમત્તાવસ્થાએ આત્મા પરિણામે એટલો ઊંચો બને છે કે - અન્નપાણીનો પણ ત્યાગ કરે છે; અને શ્રેણિએ ચઢેલો આત્મા એવો બને છે કે - ભયંકર ઉપસર્ગથી પણ જરાય ડગતો નથી. ધ્યાન એ પણ ક્રિયા છે. એક વસ્તુમાં સ્થિર રહી, દ્રવ્ય-ગુણ અને પર્યાયને વિચારવા એ નાના છોકરાંના ખેલ નથી. આત્માના પરિણામ વધે તેમ ક્રિયા વધે. લાખવાળાને ક્રોડના પરિણામ થાય કે કામકાજ, પેઢી, વહીવટ વગેરે વધે જ. પરિણામ વધે અને ક્રિયા ન વધે એ કહ્યું કોણે ? જેના પરિણામ થાય તેની ક્રિયા થયા વિના કેમ રહે ?

અરિહંત પદ મોટું એની સાધના ઊંચી-પૂર્વે કાંઈ પણ કર્યા વિના અથવા ઓછું કરીને પણ તદ્ભવમાં સામાન્ય કેવલી ઘણા થયા, પણ અરિહંત થનાર આત્માની ક્રિયા તો તે ભવથી લઈને ત્રીજા ભવથી નિયમા. કેવળજ્ઞાન થયા પછી પણ શ્રી અરિહંતદેવ તો રોજ બે બે પ્રહર દેશના દે છે, અખંડ દેશના આયુષ્ય હોય ત્યાંસુધી કાયમ દે છે. સામાન્ય કેવલી તો ન પણ દે. શ્રી અરિહંતદેવની સાથે ક્રોડો દેવતા હોય છે. ભગવાન પહોંચે તે પહેલાં તો ત્રણ ગઢ તૈયાર કરે છે અને પધારો એમ કહે છે. સ્થિર ચિત્ત વિના અરિહંત થાય શી રીતે? ઈંદ્ર તો જન્મથી જ આવે છે ને? ચિત્તની કેવી સ્થિરતા?

સભા૦ ***'દેશના તો દેવી પડે છે ને?'***

ખરી વાત. પણ આપણાથી તો 'દે છે' એમ કહેવાય. દાન દેનાર તો પોતાના કલ્યાણ માટે દે છે પણ યાચકથી તો 'દે છે' એમ કહેવાય. 'તું તો તારા માટે દે છે' એમ ન કહેવાય. આપણા તો એ ઉપકારી છે.

ક્રિયા છોડી પરિણામની સાધનાની વાતો કરનારને જૈનશાસને ઉઠાવગીર કહ્યા છે. પરિણામને તો જ્ઞાની ઓળખે પણ તમે ને હું જાણી શકીએ? નહિ જ. જો ક્રિયા ઉપર વજન ન હોત તો ઘેર ઘેર વિરાગી મળત. સારું સારું ખાવા પીવા છતાં બધા જ પોતાને વિરાગી મનાવત. માત્ર આપવાના પરિણામથી શાહુકારી ટકતી હોત તો દેવાળું કોઈ ન કાઢત, ગરીબનો મરો જ થાત. વગર આપે શાહુકારી નથી ટકતી માટે બધા વાયદાસર આપે છે. એકલા પરિણામ ઉપર વજન હોત તો ઘેર ઘેર બધા પોતાને સાધુ-સાધ્વી માનત.

જ્ઞાની એકલા પરિણામને નથી માનતા. ક્રિયા વિના પરિણામવાળો કોઈ હોય એનો ઈનકાર નથી પણ એને સાધુ ન કહેવાય. ઘણા ઢોંગી વૈદ્યો હાથમાં નાડી લે, પણ જાણે કાંઈ નહિ; એ ચાર દી'માં પરખાય. સાચા ખોટાની પરીક્ષા ક્રિયા પર છે, પરિણામ પર નથી. ખોટું બોલનારને પાંચ દશ પ્રશ્ન પૂછો અને મોં જુઓ, તરત સમજાશે. પરિણામવાળાને ક્રિયા ન હોય તો એનો પશ્ચાત્તાપ તો દેખાય જ. એ પોતાને પામી ગયેલો ન મનાવે. સાચાને સો પ્રશ્નો પૂછો તોયે મોં ન બગાડે-'અમુકને ક્યાં જોયો, ક્યારે જોયો' એમ પૂછો તો સાચો તરત કહી દે, પણ ખોટો વિચારમાં પડે કે શું કહેવું? એના મોંની આકૃતિ નક્કી ફરે. સાચા અને ખોટા એમનાં વચન તથા ચેષ્ટાથી પરખાય.

ક્રિયા વિના જો દુનિયા નથી માનતી, તો જ્ઞાની માને? જ્ઞાની તો કહે છે કે - ઘણા આત્મા એવા છે કે - જે રાતે ચોરી કરે અને દિવસે દાતાર બને.

સભા૦ ***અરે, સદાવ્રત ચલાવે.***

એકલા નિશ્ચયવાદી અને એકલા વ્યવહારવાદીને જૈનશાસનમાં સ્થાન નથી. જાણકાર પણ ક્રિયા વિના યોગ્ય સ્થાને પહોંચી શકતો નથી. તરવાની ક્રિયા જાણનાર પણ પાણીમાં પડે ત્યાં હાથપગ ન હલાવે તો? ભોજનથી તૃપ્તિ જાણો છો. પછી ખાવાનું શું કામ? એમ જ અહિં!

એકલા પરિણામની વાતો એ ઢોંગ અને એકલી ક્રિયા એ બેવકૂફી. મૂર્ખાયે પરિણામ સુધી ન પહોંચે અને ઢોંગીએ ન પહોંચે. ક્રિયા કરનારમાં પરિણામે પહોંચવાની ઈચ્છાવાળાનો નંબર ઊંચો. પરિણામવાળો ઘરે રહે અને ક્રિયાવાળાને યોગ્ય સંસર્ગ મળી જાય તો કામ થઈ જાય. ઉપાશ્રયમાં જવાના પરિણામવાળો ઘેર બેસી રહે એ શું જુએ અને અહીં આવે એ શું જુએ? ક્રિયા કરનારને સુધરવાના ચાન્સ ઘણા છે તે દષ્ટિએ એ એટલો ઊંચો. પેલો રહી જાય ને આ પહોંચે. એક કલાકે પચીસ માઈલ ચાલનારો બળવાન પણ રમતીયાળ બની બેસી રહે તે ઘેર ન પહોંચે અને દોઢ કલાકે પરાણે એક માઈલ ચાલનારી ડોશી પણ કાયમ ચાલે તો ઘેર પહોંચી જાય. ક્રિયાહીન પરિણામવાદી ગયેલા વીતેલા છે અને પરિણામની દરકાર વિનાની ક્રિયા એ મૂર્ખતા છે.

**ભગવાન શ્રી મહાવીરદેવે** અરિહંતપદની આરાધના કહી તે **શ્રેણિક મહારાજા**એ બરાબર કરી તો આગામી ચોવીસીમાં એ પહેલા તીર્થંકર થશે.

અરિહંત અને સિદ્ધપદને વિચારી ગયા. આત્મા આચાર્ય ખાતે પીતે બની શકે ? નહિ. પંચપ્રસ્થાને યુક્ત આરાધના યોગ્ય આચાર્યપદનો મહામંત્ર આરાધે તે આચાર્ય, એ મંત્રમાં લીન થાય તે આચાર્ય; પણ પંચાચારમય જે આત્મા બને તે જ તે આચાર્યપદના મંત્રમાં લીન બની શકે.

આચાર પાંચ (૧) જ્ઞાનાચાર (૨) દર્શનાચાર (૩) ચારિત્રાચાર (૪) તપાચાર (૫) વીર્યાચાર.

જ્ઞાનના આઠ, દર્શનના આઠ, ચારિત્રના આઠ, તપના બાર અને વીર્યાચારના ત્રણ આચાર જાણવા. દરેક આચારમાં વીર્યનો ઉપયોગ જોઈએ તે વીર્યાચાર. આચાર્ય તે કે જે પાંચે આચાર પાળે અને પળાવે. આત્માને જે પંચાચારમાં તન્મય બનાવી મહામંત્રના ધ્યાનમાં લીન બનાવે તે આત્મા ત્રીજા પદે આવી શકે છે. જેનામાં જ્ઞાનાચારાદિ એક પણ આચારનું ઠેકાણું ન હોય એવા જો આચાર્ય બને તો સત્યાનાશ વાળે. દર્શનના આચારમાં પણ મોટું મીંડુ હોય એ આચાર્ય બીજું શું કરે ? પાંચે આચારની ક્રિયા એવી છે કે જિંદગીભર ન ખૂટે.

સુલસા જેવી શ્રદ્ધાળુ શ્રાવિકા મિથ્યાદષ્ટિના આડંબરમાં ન મૂંઝાય ત્યારે એના સમ્યક્ત્વની કિંમત અંકાય તો આચાર્ય કહેવાતા જ્યારે મૂંઝાય એની કિંમત શી ? જે મૂંઝાયા ! તે કહે છે કે - આટલો મોટો આદમી જેને ક્રોડો માણસ પૂજે તેને કેમ ન મનાય ? તો કહેવાય કે મૂર્ખા ! અગિયાર લાખના ગુરુને છોડી દોઢ લાખના ગુરુને કેમ વળગ્યો ?

ભગવાને પ્રતિબોધેલા શ્રાવક એક લાખ ઓગણસઠ હજાર અને ગોશાળાએ અગિયાર લાખ અનુયાયી બનાવ્યા હતા. આદમીની સંખ્યા ઉપર ઉત્તમતાનું માપ કાઢે તે આચાર્યપદને તો શું પણ દર્શનપદને પણ લાયક નથી. 'મિથ્યાદષ્ટિતણી પૂજા પ્રભાવના દેખી મૂઢદષ્ટિપણું કીધું' એવી આલોચના વિસ્તારથી સ્પષ્ટપણે દર પંદર દિવસે શ્રાવક પણ લે છે, તો સાધુપદે આવેલો અને તેમાંયે આચાર્ય કહેવાતો મિથ્યાદષ્ટિની મહત્તા જોઈ બેવકૂફ બને એને કયે પદે માનવો ? મનમાં જ એમ રાખે તો ધૂળ નાંખી પણ ખુલ્લો ઉપદેશ દે, જાહેરમાં ગુણ ગાય, જાહેર સભામાં પ્રશંસા કરે એને ક્યાં મૂકવો ? જો આમ જ આચાર્ય બનાતું હોય તો પદની મહત્તા શી ? જે આચારને અણીશુદ્ધ પાળે તે આચાર્ય બને.

દુનિયામાં રહેતા માણસો ત્યાંના નિયમો પાળે છે ને ? સૌ સૌનું ઘર સંભાળે જ. પાડોશીને ત્યાં મિષ્ટાન્ન રંધાતા જોઈ કોઈ પોતે ન કરે. ગમે તેવા ઉચ્છ્રુંખલો બહાર ગમે તેમ ફરે પણ પોતાની ઝૂંપડીમાં; દરમાં સાપની જેમ સીધા જ ચાલે. બજારમાં ઝવેરીને લાખનો હીરો લેતો જોઈ બીજો ગમે તે માણસ કાંઈ લે ? એ રીતે પ્રભુએ કહેલ પદની મર્યાદા લંઘે તો પદ રહી જાય પણ એવાને ઘરમાં પેસવાની જગા પણ ન મળે. નામું લખનારો ચોપડામાં જુએ કે બહાર ? પ્રભુના શાસનમાં આવેલો બહારનું નાટક જોવામાં રંગાય ? નહિ જ. સમ્યગ્દષ્ટિને જે જોવાના નથી તે સાધુને જોવાના હોય ? ન જ હોય. કદી એને જોવા જાણવાના હોય તો પણ પોતાને બાધ ન લાગે તે રીતે.

આચાર્ય આચાર પાળે જ એમ નહિ પણ પળાવે પણ ખરા. પ્રેરક પણ એ છે. માટે જ એ રાજા, એ સમ્રાટ. રાજા જેટલો જ હુકમ આચાર્ય કરી શકે. નરમ ગરમ પણ થાય. રાજા જેટલી જ છૂટ એમને. રાજા જેમ શિષ્ટોનું પાલન કરે, દુષ્ટોને દેશનિકાલ કરે, શાસન બહાર કાઢે એ જ દેશનિકાલ. શાસને આચાર્યને બધી સત્તા સમર્પી છે. અહીં મોટી જોખમદારી વધે છે પણ પોતે જ શાસનબહાર નીકળવાની ક્રિયા કરે તો ? જેમ ત્યાં મંત્રી, કોટવાલ તેમ અહીં પણ તમામ સામગ્રી સમજવી. રાજાની જેમ આચાર્ય પણ એકલા બહાર ન જાય. અંગરક્ષકો પણ એવા કે સમયે પ્રાણ આપે. રાજા થયો એટલે ચોર, લૂટારા, વ્યભિચારી વગેરે દુષ્ટોનો વિરોધી થયો, દુશ્મન થયો, એનો જાન જોખમમાં. એ જ રીતે આચાર્ય પ્રત્યે પણ ઉન્માર્ગગામી, ઉત્સૂત્રભાષી, પાખંડીઓ, તમામ દુષ્ટવૃત્તિથી ભાળે, કંટકની જેમ એમને એ સાલે.

**પાદલિપ્તસૂરિજી** જ્યારે અમુક નગરમાં આવે છે ત્યારે ત્યાંના પંડિતો ગભરાય છે. કેમકે એ જાણે છે કે - આ સમર્થ વિદ્વાન્ છે અને તમામ પોલ ખોલશે. એટલે તેઓ એક માણસને ઘીથી ભરેલો કટોરો લઈને આચાર્ય પાસે મોકલે છે. આચાર્યે બાવળની શૂળ ખોસીને કટોરો પાછો મોકલ્યો. શિષ્યોના પૂછવાથી આચાર્ય કહે છે કે એ પંડિતો એમ કહેવા માગે છે કે - આ ઘીના કટોરાની જેમ આ નગરમાં પંડિતો ઠાંસી ઠાંસીને ભર્યા છે ત્યાં તમારે માટે જગ્યા નથી; એનો આપણે જવાબ વાળ્યો કે - બાવળની શૂળ જેમ વીંધીને ઘીમાં રહી તેમ અમે પણ ગામમાં આવીને રહીશું.

આચાર્ય આવે ને પાખંડીની છાતી ન વિંધાય તો આચાર્ય આવ્યા શાના? પ્રભુશાસનના સાચા અનુયાયીથી પાખંડીને કંપવા ન થાય? થાય જ. એય ઠંડા થાય તો પરિણામ? શાસન કાંઈ પગે ન ચાલે. એને ફેલાવનાર જોઈએ. સત્યને હાથપગ નથી કે બધે જઈને પ્રસિદ્ધિ પામે. સત્યની પ્રસિદ્ધિ સત્યવાદીને હાથે થાય.

રાજાની સવારી આવી અને ગઈ પણ કોઈએ ન દીઠી એ બને? રાજા ગધેડા ઉપર સવારી કરીને ગયો એવી કોઈ કલ્પના કરે? આચાર્ય પંચાચારના પાલક તેમ પ્રચારક પણ છે. દી ઊગ્યે એમની એ ધમાલ ચાલુ જ હોય. આચાર્ય આવે એટલે અનાચારી ગભરાય જ. વૈદ્ય આવે એટલે દર્દી સમજે કે હવે પેટને હલાવશે જ, કચરો કાઢશે જ.

સભા૦ ***રેચ વધારે આપે તો?***

સાચો વૈદ્ય એવો વધારે રેચ ન આપે. ઊંટ વૈદ્યની અહીં વાત નથી. સાચો વૈદ્ય નેપાળાનો પણ દસ્ત આપે કેમકે એનામાં રોકવાની તાકાત છે.

હું નેપાળાનો દસ્ત આપું તો પણ ગભરાતા નહિ. રોકવાની હામ છે. એવા પણ મળ હોય છે કે - નેપાળા વિના ન નીકળે. પણ એ દસ્તથી દર્દીની નસો ખેંચાય નહિ, આંતરડાં બહાર આવે નહિ, એ કાળજી સાચો વૈદ્ય જરૂર રાખે. દરદી દસ્તની દવા લે અને રોકવાની દવા ન લે અને હેરાન થાય તો એ ગુનો વૈદ્યનો? નહિ. એ દરદીનો ગુનો. દસ્તને રોકવાની સામગ્રી સાચા વૈદ્ય પાસે હોય જ. વૈદ્ય માત્રા આપે, તેની ખબર આપવાની ચેતવણી આપે છતાં દરદી માત્રા ખાય, પથ્ય ન પાળે, વિપરીત અસર થાય છતાં વૈદ્યને ખબર ન આપે અને મસાણે જાય એ ગુનો કોનો? ઊંટ વૈદ્યને લગતા પ્રશ્નો કરવા નહિ. જેના પ્રત્યે ખાત્રી હોય તેવા વૈદ્યને આવા પ્રશ્નો ન પૂછાય.

પ્રમાણિક વૈદ્યને કોઈ કહે કે 'દવા આપજો પણ હું મરી ન જાઉં એવી' તો વૈદ્ય એનો ઉઘડો લઈને કાઢી મૂકે અને કહે કે - તારું આયુષ્ય તૂટે એ વાત જૂદી પણ હું કાંઈ દવામાં ઝેર આપું છું? વિશ્વાસ ન હોય તો ચાલતો થા અહીંથી!'

પાંચે આચારને પ્રચારવાનું જ કામ આચાર્યનું. એ જ્યાં જાય ત્યાં એમને કોઈ ન જાણે એ ન બને. ભલે કોઈ ધામધૂમ કરનાર ન હોય પણ પોતાની ધામધૂમ તો જીવતી છે ને? આ કાંઈ દુનિયાના આચાર્ય નથી કે જે બધાના સહવાસી બને. આ તો ધર્માચાર્ય. ધર્મી હોય ત્યાં એમના સન્માન થાય, ન હોય ત્યાં ન થાય પણ ત્યાં પણ એ પોતાનો અવાજ તો કરે કે જેથી અધર્મી પણ જાણે કે કોક આવી ગયા હતા.

સભા૦ ***અઢાર વર્ષ પહેલાં શાસનપક્ષવાળા કોઈ પોતાના પુત્રને પરણાવે નહિ એમ જોઈએ ને?***

ઉત્તમ, કાયમ બ્રહ્મચારી બને તો વધારે ઉત્તમ અને વધારીને એમ પણ કહો કે વિરાગી બનેલા છોકરાને મૂકવા પણ આવીશું.

સભા૦ ***'ત્યાં તાકાતની જરૂર છે.'***

તાકાતની જરૂર પોતાની જાત માટે છે; પણ બીજાને ચારિત્રનો ભાવ થાય ત્યાં સહાયક બનવામાં તાકાતનો ખપ નથી, પણ કેવળ સમ્યક્ત્વના શુદ્ધ પરિણામનો ખપ છે. સમ્યક્ત્વના સ્થિર પરિણામ ગુમાવનાર ઈરાદાપૂર્વક શાસનબહાર પોતે જ બને છે.

સભા૦ *'ગવર્નમેંટ લો જોવો જોઈએ.'*

તમારે અને મારે મુખ્ય કાયદા આ શાસ્ત્રના. જે કાયદાથી હું બંધાઉં છું તે કાયદાથી તમારે બંધાવું પડશે. જો ન બંધાઓ તો શાસનમાં હોવાનો આડંબર છોડી દેવો પડશે. પ્રેમથી-મોહથી દુઃખ થાય, આંસુ આવે એ બને પણ માર્ગ તો આ સત્ય જ છે એમ કહે. એનાથી ઊંધું વર્તન ન જ થાય. ખૂણામાં રૂએ પણ બહાર તો હસે જ. જો એમ ન કરે તો એવા શાસનપ્રેમી તો કેઈ શાસન બહાર જાય, એના પાપના ભાગીદાર બને. કહેવરાવવું શાસનપ્રેમી અને પ્રેમનો છાંટોયે ન મળે એ ચાલે? સમ્યક્ત્વ કેવળ માનસિક નથી, પણ જેટલું સમ્યક્ત્વ હોય એના પ્રમાણમાં વાચિક અને કાયિક પણ છે. સમ્યક્ત્વને એકલું માનસિક માનનારા સમ્યક્ત્વને સમજતા જ નથી.

પ્રશ્નકારને:- હવે તમારી દિશા પલટાઈ. દિશા પલટાઈ એટલે દશા, ભાવના તદ્દન પલટાય. સમ્યગ્દષ્ટિથી વિરતિ ન બને પણ સમ્યક્ત્વની કરણી? સંસારનો પરિચય અનાદિકાળથી છે એ વાત ખરી પણ સમ્યક્ત્વ થયું એટલે એને ખોટો તો માને જ. એકલા પરિણામવાદી અને એકલા ક્રિયાવાદી મિથ્યાદષ્ટિ છે.

સભા૦ *'સમ્યગ્દષ્ટિ મિલકતની રક્ષા ન કરે?'*

કોણે ના કહી? શ્રાવકને એ છૂટ છે. મિલકત જતી નથી પણ કોઈ લઈ જાય છે અને છોકરો તો પોતે જાય છે. છોકરો સમજીને સારે માર્ગે જાય ત્યાં એ દષ્ટાંત ન ઘટે. મિલકત તો ચોર ઊઠાવી જાય છે ને? સમ્યક્ત્વની ક્રિયાને વિરતિની ક્રિયાથી અલગ નહિ પાડો? પૂર્વના મહાપુરુષો, પોતાથી વિરતિ ન લેવાઈ અને પોતાનાં સંતાન નીકળતાં ત્યારે મોહના કારણે દુઃખ થતું તેથી કહેતા પણ મર્યાદા ન લંઘતા અને જ્યારે લાગતું કે વળે તેમ નથી તો? શી રીતે વર્તતા? સમ્યક્ત્વની એ કરણી જરા સમજો. વિરતિના નામે સમ્યક્ત્વની કરણીથી છટકવા માગો એ ચાલે? સમ્યગ્દષ્ટિ કદી દાન ન દે, જૂઠું બોલે, શીલ ન પાળે, તપ ન કરે, તેવી ઊંચી ભાવના ન હોય એ બને - બની શકે પણ એનામાં સમ્યક્ત્વને લગતું વર્તન કેમ ન હોય?

ત્યાં પકડમાં પણ ભેદ પડે, એ પણ પ્રેમપૂર્વક થાય. ગુનેગાર બાળકને શિક્ષા થાય છે તો પોતાના હોય તો ઠંડકથી થાય છે તો આ તો બિનગુનેગાર અને પોતાથી પૂજ્ય કોટિએ પહોંચેલો, એને પકડ કેવી થાય? એ પકડ બીજો દિવસ ન દેખે, ત્યાં જુલમાટ ન આવે, દુર્ભાવ ન આવે, આંખમાંથી શોક તથા મોહના આંસુ સાથે નવાં આંસુ આવે, એને લાગે કે - હું કેટલો પામર કે અહીંથી પણ ખસ્યો! પોતાને પોતાના પતનનો-પતનક્રિયાનો ભાસ થાય. ચક્કર આવે કે ગબડું છું, એવું સમજદારને ભાન થાય. મૂર્ખો તો ગબડે ત્યારે જ ચક્કર આવ્યાનું જાણે.

પ્રશ્નકાર- ***પણ બે વર્ષ રાહ જોવામાં હરકત શી?***

એક દિવસ પણ રાહ શા માટે જોવી એવું કહેનાર પૂછનાર બંદર ઉપર તમે જ હતા. અઢાર વર્ષની અંદર દીક્ષા ન આપવી એ યુવક સંઘની કલમના ખંડનમાં તમે નામદાર હતા ને? માબાપ તદ્દન નાલાયક હોય અગર લાયક હોય તો તદ્દન મોહાંધ હોય તો શું કરવું, એ કહો. શાસ્ત્રે બધી બારી રાખી છે.

પ્રશ્નકાર - ***'પણ માબાપ આરાધનાના સાધન પૂરાં પાડે તો ન થોભે?'***

શા માટે થોભે? અને એમ થોભાવવાનો સાધુનો ધર્મ? તમારી ભૂલમાં લઘુતા કોની? શાસ્ત્રનો કાયદો સોળની અંદરમાં (બનતાં સુધી) છે.

પ્રશ્નકાર૦ - ***'પણ લૉ ? માટે આ ફાંકો ખોટો છે.'***

બાપને એક મિનિટમાં વાલીપણાને માટે નાલાયક ઠરાવાય છે, જોવું છે? હવે હું કહું છું કે-'તમારા છોકરાને મેં જોયો પણ નથી, પણ હવે ખાત્રી આપું છું કે જોઈશ અને યોગ્ય જણાશે તો નહિ છોડું. કાયદાથી અમે નિર્ભય છીએ. ઉત્તરો અમારી પાસે છે. જે થાય છે તે સારું થાય છે કે લોક જાણે કે શાસન પક્ષમાં પણ આવા છે, અને એની સામે પણ સાધુઓ એવા જ કડક છે. જો એ છોકરાની વય સોળની ઉપર હોય તો તમારી આજ્ઞાની ફૂટી કોડીની કિંમત નથી.'

પ્રશ્નકાર૦ - *'છે તો સોળની ઉપર'*

ચાલો ત્યારે શાસ્ત્રથી તો હું છૂટ્યો ને? છોકરો જો સભામાં હોય તો ભલામણ છે કે મને મળે, પરિચય કરે અને એને યોગ્ય રસ્તા બધા બતાવીશ.

પ્રશ્નકાર૦ - *'ભગાડો એ વાત જુદી - ઓપન્લી આપવી જોઈએ'.*

ઓપન્લી અને તમારા માથે - પણ શી રીતે એ ન કહું કેમ કે હવે તો કેસ મંડાયો, હવે તો તમારી નોટીસ છે ને ? છોકરાને પણ ભલામણ છે કે શાસનમાં દાખલો બેસાડે. તમારો છોકરો કદી તમારું માને પણ બીજો કે જે પ્રભુઆજ્ઞાને અધિક માનવા તૈયાર હોય તેને દાખલો બેસાડવાની ભલામણ છે.

આ તો બોલે છે પણ દોડધામ કરનારા, એ પણ કરી ચૂક્યા છે. દશકાથી દીક્ષાની પાછળ જિંદગી ગાળી છે. ઉંમરે તમે મોટા છો, પણ દીક્ષાની ધાંધલ જોઈને મને દશકો વીત્યો છે. કેમ બને છે તે બધું હું જાણું છું. એકલી વિરોધીની ટીકા વખતે બધા હસતા હતા. ઘરપર વાત આવી ત્યારે ઘણાંના મોં મરડાય છે. સાધુ જેમ સાવરણી ફેરવે તેમ જાજમ બીછાવનાર પણ છે! આપણું આ સર્કલ, તે પણ નિકટનું અને તેમાં પણ એક બાબત દશ દશ પ્રશ્ન કરનારું, એને આ વખતે કયા વિચાર આવવા જોઈએ?

વરસ બે વરસની વાત કરો છો પણ પાટણના સંઘે તો મહિનાની જ મુદત રાખી ત્યાં તો હાડકાંનો માળો કહ્યો ને? ખાનગીમાં કહેવા આવ્યા તોયે માન્યું નહિ. ત્યાં તો તમે જ કહેતા હતા કે મહિનાના જીવનની ખાત્રી શી? જેવી વાત પારકા માટે થાય તેવી જ ઘર માટે હોવી જોઈએ. ઘર માટે ગમે તેમ વર્તવું અને સમ્યગ્દષ્ટિની મહોર છાપ જોઈએ, તે મળે? હું બીજા સાધુ માટે બોલું અને મારી ભૂલ થાય તો ન બોલાય, એ કાંઈ બાપનું રાજ છે? નહિ. ફરજ ચૂક્યા કે ટીકા થાય જ. તમે બાળકને સંયમની દુષ્કરતા બતાવો, તે રીતે પાછો વાળો કે અહીં તમારે આટલું બોલવું જ ન પડે.

પ્રશ્નકારઃ - *'સંયમની દુષ્કરતા બતાવવી એ તો સમ્યક્ત્વમાં દૂષણ છે!'*

તો આ ક્યું ભૂષણ છે? અને આટલી દુષ્કરતા સમજાવ્યા બાદ પણ મક્કમ રહે તો, અને આવે તો, એને રોકવાનો સમ્યગ્દષ્ટિ તરીકે તમને હક નથી.

મેઘકુમારની માતા વગેરેએ સમજાવ્યા એમ સમજાવવામાં બાધ નથી. તમારે અમારી ચિંતા કાંઈ ન કરવી. ખાનગીમાં સલાહ દેવી કે 'આટલો શાસ્ત્ર બાધ આટલો લોક બાધ, હવે આપને શાસ્ત્ર છૂટ આપે તેમ વર્તો.' જો બીજી પંચાતમાં ઊતરાય તો એક લાખ ને એક ઉપાધિ છે. અઢાર પછીવાળા માટે પણ માબાપ કહે છે કે- 'સાહેબ! છોકરાને પરણ્યા ચાર મહિના થયા છે, અમે રાજી છીએ પણ પાછળ શું? શાસનની હીલના થશે. વળી શ્વસુરપક્ષ ગાંડો છે!' વાત પણ ખરી. હવે? મોહની દલીલો દરેક વયમાં છે. આઠ, સોળ, અઢાર, વીસ દરેક વયમાં છે. સુધારકોની એ જ દલીલ છે. ઉંમર વધે તેમ દલીલ વધવાની. શાસ્ત્રને બાધ ન આવે તે રીતે પોતાની શક્તિ વિચારી વર્તવું. સમ્યક્ત્વ અને વિરતિનો ખીચડો ન બાફવો.

*(ક્રમશઃ)*

- **મનને વશ કરવામાં ધર્મ કે મનને વશ થવામાં? કહેવું જ પડશે કે મનને વશ કરવામાં ધર્મ–એટલે અંતરઅવાજની વાત આપોઆપ જ નીકળી જશે.**
- **અંતર અવાજથી નહિ ઊપજેલું, પણ કેવળજ્ઞાન થયા પછી તીર્થંકરનામકર્મના પ્રતાપે સ્થાપિત થયેલું હોવાથી, શ્રી જિનેશ્વરદેવનું શાસન બનાવટી નથી.**
- **આપણે હયાત હોઈએ ને સત્ય હતું ન હતું થાય, તો આપણે જીવતા મૂઆ જેવા છીએ.**

## (૩૫)

**અંતરના અવાજની ઘેલી વાતોઃ**

સૂત્રકાર મહર્ષિ **શ્રી દેવવાચક ક્ષમાશ્રમણજી** શ્રીસંઘની સ્તવના કરતાં નગર આદિ સાતની ઉપમાથી શ્રીસંઘને સ્તવ્યા બાદ શ્રીમેરુની ઉપમાથી સ્તવે છે; તે આપણે જોઈ રહ્યા છીએ. મેરુની ઉપમાથી સ્તવતાં સૂત્રકાર મહર્ષિએ છ ગાથા લખી છે. તેમાંની પ્રથમ ગાથાના પૂર્વાર્ધ ઉપરથી આપણે સમજી શક્યા છીએ કે, શ્રીસંઘરૂપ મેરુની સમ્યગ્દર્શનરુપી વજ્રમયી પીઠ; દઢ, રુઢ, ગાઢ અને અવગાઢ હોવી જોઈએ. એ પીઠમાં શંકાદિ દોષો રૂપ પોલાણ ન હોય તો જ એમાં પરતીર્થિકોની વાસનારૂપ જલનો પ્રવેશ ન થાય અને તેમ બને તો જ એ પીઠ દઢ બને. એ પીઠમાં પ્રથમ દઢતા જ ન હોય તો પછી તેમાં રૂઢતા, ગાઢતા અને અવગાઢતાની આશા રાખવી એ ખોટી જ છે.

એ પીઠમાં પોલાણ કરનારા સમ્યક્ત્વના પાંચ દોષોમાં પહેલો દોષ શંકા છે; એટલે જે સંઘને શ્રી જિનેશ્વરદેવના વચનમાં શંકા થાય, તે સંઘની એ પીઠ પોલી જ છે, એ વાત શંકા વિનાની છે અને એ પીઠ જ પોલી હોય તો પછી તેના ઉપરનું બધુંય પોલું જ છે, એમાં વળી શંકા જ શી? કારણ કે, 'મુક્તિ છે' એવું આપણે શાથી જાણ્યું? તેને આપણે જોઈ પણ નથી કે અનુભવી પણ નથી! કહેવું જ પડશે કે, શ્રી જિનેશ્વરદેવના વચનના આધારે જ આપણે મુક્તિને જાણીએ છીએ અને એ વિશ્વાસના યોગે પ્રયત્ન કરતાં પ્રાપ્ત થયેલ ગુણની થોડીક ઝાંખી ઉપરથી કલ્પના થાય છે કે, જ્ઞાની કહે છે તે બરાબર જ છે, આથી સ્પષ્ટ જ છે કે, બધી જ સાધનાનો આધાર શ્રી જિનેશ્વરદેવના વચન ઉપર જ છે.

શ્રી જિનેશ્વરદેવ પોતે પોતાની ઈચ્છાથી કંઈ કહેતા નથી, કે જેથી તેઓને કશું જ ઉપજાવી કાઢવું પડે, એ આપણે બરાબર વિચારી ગયા છીએ; એટલે જાણી ગયા છીએ કે, શ્રી જૈનશાસનમાં એક પણ ચીજ ઉપજાવી કાઢેલી નથી, કારણ કે, એના મૂળ સ્થાપક ઈચ્છાપૂર્વક કશું કહેતા નથી અને એ જ કારણથી એ તારકના અનુયાયીઓ પણ પોતાની ઈચ્છાપૂર્વકનું કશું કહેતા નથી, પણ જે કહે છે તે, તે તારકોના કથનના આધારે જ કહે છે; એ જ કારણથી આ શાસનમાં ઉપજાવી કાઢેલું કશું જ નથી.

શ્રી જિનેશ્વરદેવ પોતે ઈચ્છાપૂર્વક કંઈ કહેતા કે કરતા નથી; કારણ કે, વીતરાગ થઈ કેવળજ્ઞાન પામ્યા પછી તેમને ઈચ્છા હોતી જ નથી અને તે તારકો દ્વારા તીર્થસ્થાપના પણ વીતરાગ થઈ કેવળજ્ઞાન પામ્યા પછી જ કરાય છે. વળી ઈચ્છા કે વિચાર તો અસર્વજ્ઞને જ કરવા પડે. આ વાજબી કે ગેરવાજબી એવા વિકલ્પો તો છદ્મસ્થને જ થાય; આથી પરમ વીતરાગ શ્રી તીર્થંકર પરમાત્માની ઈચ્છાપૂર્વકની કશી પ્રવૃત્તિ જ હોતી નથી અને એ તારકના અનુયાયીઓ પણ પોતાની ઈચ્છાથી કંઈ કહેતા નથી; કારણ કે, એ તો એ તારકોની આજ્ઞા મુજબ જ કહેનારા હોય છે.

આ ઉપરથી સ્પષ્ટ થઈ ગયું કે, શ્રી જિનેશ્વરદેવની ઈચ્છા લોપાઈ ગઈ છે અને એ તારકના અનુયાયીઓની ઈચ્છા એ તારકને આધીન હોય છે, એ જ કારણે **શ્રી જિનેશ્વરદેવના શાસનમાં કશું જ બનાવટી હોઈ શકતું નથી અને એ જ હેતુથી શ્રી જૈનશાસનમાં અંતર અવાજનો નિષેધ છે. અંતરઅવાજ તો ગાંડાઓના શાસનમાં હોય છે પણ શ્રી સર્વજ્ઞના શાસનમાં નહિ.**

**દુનિયામાં પણ માલિકની પેઢીમાં નોકરનો અંતરઅવાજ કામ નથી લાગતો. વાસ્તવિક રીતે અંતરઅવાજ તો સ્વચ્છંદી ટોળામાં જ કામ લાગે તેમ છે. વ્યવહારમાં પણ નોકરના અંતરઅવાજે કામ કરનારી પેઢી ભીખ માગે, કારણ કે, પેઢીને પણ બજારના ભાવતાલ આદિ ઉપર જીવવાનું હોય છે.**

સભા૦ ***ભગવાનને તો અંતરઅવાજ ખરો ને?***

ભગવાનને ભાવ અંતર જેવી ચીજ જ નથી. એ તારકને ભાવ મનથી કામ લેવાનું છે જ નહિ, કારણ કે, વિશ્વજ્ઞાન રૂપ ભગવાન પોતે જ છે. એ તારકને તો જે છે તે કહેવું છે અને એ તારકના અનુયાયીઓ માટે તો એ તારકની આજ્ઞા એ જ એક આલંબન છે, એટલે જ્યારે દુનિયામાં પણ અંતરઅવાજ કામ નથી લાગતો, તો પછી આ લોકોત્તર શાસનમાં અંતરઅવાજ કેમ જ કામ લાગે?

**અંતરઅવાજ અંતર મુજબ હોય. એટલે અંતરમાં જ ભર્યું હોય તે જ નીકળે. સ્વાદિષ્ટ કે ખરાબ ઓડકાર આવે તે પડેલા માલ જેવો જ ને? એ જ રીતે અંતરમાં જેવી ભાવના હોય તેવા જ ઉદ્‌ગાર નીકળે. વળી, દરેકનો અંતરઅવાજ એ જ ધર્મ કહેવાય તો અંતર અવાજ કોને નથી? માટે એ વસ્તુ જ અયોગ્ય છે.**

ધ્યાન રાખો કે, શ્રી જિનેશ્વરદેવના શાસનમાં શંકાને સ્થાન નથી, એની આ સાબિતી ચાલે છે; એથી જ કહેવું પડે છે કે, જ્યાં બનાવટી વસ્તુ કહેવાની હોય ત્યાં પ્રશ્ન સંભવે, પણ સ્વાભાવિક વસ્તુમાં પ્રશ્ન જ શા? આ ઝૂમર હાલે તો પ્રશ્ન જરૂર થાય કે, કેમ હાલ્યો? કેમ કે, એ ક્રિયા પરપ્રેરિત છે! પણ પવન કેમ ચાલ્યો? એ પ્રશ્ન કોઈએ કર્યો? નહિ જ, કારણ કે, દુનિયા પણ સમજે છે કે, પવન તો હાલે જ. ઝાડનું એક પણ પત્તું ન હાલે ત્યારે દુનિયા કહે છે કે, આજે પવન નથી, પવન હોત તો પત્તાં જરૂર હાલત; આથી બનાવટી ચીજોમાં પ્રશ્નો થાય પણ સ્વભાવસિદ્ધ વસ્તુમાં પ્રશ્નો ન હોય.

શ્રી જિનેશ્વરદેવો તો જે વસ્તુ જેવી હોય છે તે વસ્તુને તેવી જ કહે છે. એટલે હોય તે નીકળે, ન હોય તે એ તારકના મુખમાંથી નીકળે જ નહિ. વળી **મનને વશ કરવામાં ધર્મ કે મનને વશ થવામાં ધર્મ? મનને વશ કરવામાં, એમ જ કહેવું પડશે. એટલે અંતરઅવાજ આપોઆપ જ નીકળી જશે** અને અંતરઅવાજ ઉપરથી નહિ ઊપજેલું, પણ કેવલજ્ઞાન થયા પછી તીર્થંકરનામકર્મના પ્રતાપે સ્થાપિત થયેલું હોવાથી શ્રી જિનેશ્વરદેવનું શાસન બનાવટી નથી, એની એક પણ વાત ઉપજાવી કાઢેલી નથી. એ જ કારણે એ તારકોની આજ્ઞા મુજબ જ લખાયેલા પ્રાચીન મહર્ષિઓના ગ્રંથોમાં સ્વાભાવિક વિચારના ધોધ છે; જ્યારે એ તારકોની આજ્ઞાથી દૂર રહીને લખાતાં આજનાં એકેએક લખાણો પ્રાયઃ બનાવટી જ હોય છે એમાં નક્કરપણું કશું જ નથી હોતું; એમાં માત્ર ઉપર ચળકાટ પણ અંદર તો પોલાણ જ હોય છે, કારણ કે, એવા લોકો તો જનતાને જોઈને તેને રુચે તેવું જ લખે છે અને બોલે છેઃ એનું કારણ એ જ છે કે, આજનો જમાનો એમ કહે છે કે - જ્ઞાનીઓ ગમે તેમ કહેતા હોય તે બાજુ ઉપર રાખો, પણ અમને જોઈને જ લખો-બોલો, ત્યારે **શાસ્ત્ર કહે છે કે, જે વસ્તુ જેવી હોય તેવી લખો-બોલો.**

અમુક પોતાને દાનવીર કહેવરાવતા હોય તો જમાનો કહે કે, એને એવા કહો, પણ શાસ્ત્ર કહે છે કે, ભલે એનો તિરસ્કાર ન કરો. પણ જો એ દાનવીર હોય તો માનો; અને ન હોય તો ન માનો. કારણ કે, ગોલા પણ રાણા કહેવાય અને પ્રતાપ પણ રાણા કહેવાય. પણ એ બેમાંથી સલામ કોને ભરાય? એ વિચારો

સભા૦ ***સંઘનામ બનાવટી ધારે તો?***

એવાને સંઘ ન જ મનાય, કારણ કે, એ સંઘ એટલે એક જાતનું ઉન્માદી ટોળું. સંઘ તો તે જ કહેવાય કે, જે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં રહેવાના ગુણવાળો હોય. આ સત્યને પ્રકાશવામાં આપણે હતા ન હતા થઈએ તો તેમાં કશી જ હરકત નથી. એ વાતમાં નિશ્ચિત રહેજો, કારણ કે, **સત્યને પ્રકાશવામાં આપણે હતા ન હતા થઈએ તો તેમાં આપણે કશું ગુમાવતા નથી, પણ આપણે હયાત હોઈએ અને સત્ય હતું ન હતું થાય તો આપણી કિંમત અવશ્ય ઘટે; એટલું જ નહિ પણ આપણે જીવતા મૂઆ જેવા જ ગણાઈએ.** વળી, સત્યને હયાત રાખવા માટે આપણે હતા ન હતા થઈએ એમાં આપણને એકાંતે લાભ જ છે, માટે 'શ્રી જિનેશ્વરદેવના પવિત્ર શાસનમાં શંકાને સ્થાન નથી.' આ સત્ય સમજવામાં અને સમજાવવામાં આપણે આપણી સઘળી જ શક્તિ ખર્ચવી જોઈએ.

સમજવા માટે જિજ્ઞાસા રૂપ શંકા જરૂર થાય, પણ 'એવં ભવેદેવ કથમ્' આ કેમ જ હોય?' એમ ન થાય; કારણ કે, નહોતું તે કહેવાની શ્રી જિનેશ્વરદેવોને જરૂર જ નહોતી. બધું તજી દીધા પછી, સારી દુનિયાથી નિરાળા થયા પછી, રાગ, દ્વેષ અને મોહને સર્વથા જીત્યા પછી કેવળજ્ઞાનના યોગે જે અને જેવું જોયું તે જ અને તેવું જ તેમણે કહ્યું છે, એટલે એ તારકના વચનમાં એવી શંકા જ ન થાય કે, જે શંકાના યોગે સત્ય સમજાય નહિ અને અસત્યથી બચાય નહિ. એવા પ્રકારની શંકા ન થાય એ માટે એમ નક્કી કરો કે, જે નહોતું તે કહેવાની એ તારકને જરૂર નહોતી. 'એવું કહેવામાં એમની આબરુ વધતી હતી.' એવી કલ્પના પણ થઈ શકે તેમ નથી, કારણ કે, રાગ, દ્વેષ અને મોહ તો છે નહિ માટે એ વાત સંભવતી જ નથી. એટલે જેના રાગદ્વેષ અને મોહ ગયા તે આપ્ત અને એનું વચન તે આગમ, એમાં શંકા રાખવાનું કારણ જ નથી.

વ્યવહારમાં પણ જેને પૈસાની જરૂર હોય તે નોકર ગાંડા શેઠને પણ ડાહ્યા કહે, પણ જેને પાઈની પણ જરૂરત ન હોય તે તો કહી દે કે, 'લોક તમને ભલે ડાહ્યા કહે પણ હું તો ગાંડા કહું છું, કારણ કે, એ તો બધા સ્વાર્થમાં ડૂબેલા છે માટે દબાયેલા છે પણ હું દબાયો નથી.' એ જ રીતે રાગ, દ્વેષ અને મોહથી રહિત થયેલા આત્માઓને પણ અસત્ય કહેવાનું કારણ નથી; આથી એ ત્રણ વિનાના આત્માઓથી કહેવાયેલી વસ્તુમાં શંકાની જરૂર રહેતી જ નથી.

**બહારના સંયોગો એ જ દુઃખનું મૂળઃ**

આજે છદ્મસ્થો સ્વતંત્રપણે ગમે તેટલી વાતો કરે, પણ તેમ કરતાં તેમનું હૈયું જરૂર ડંખે છે; કેમ કે, એમાં બનાવટ ઘણી હોય છે. આજનો સ્વતંત્ર લખનારો પોતાની વાત, પોતાની કલ્પનાઓ દ્વારા સાબિત કરવા ઊભો થાય, તો સો વાતની તો ના પાડે, પચાસ વાત માટે ખબર ન હોવાનું કહે, પચીસ વાતો માટે અધૂરું જાણવાનું કહે અને કદી માંડમાંડ બે-પાંચ વસ્તુ સાબિત કરે; તે પણ એવી કે, એક ક્ષણમાં તૂટી જાય તેવી, કારણ કે, પોતાની વસ્તુને મહત્ત્વ આપવા રચેલો આડંબર નભે ક્યાં સુધી? નીતિનું પણ વાક્ય છે કે, **'आडंबरो हि पूज्यते लोके'** 'લોકમાં આડંબર જ પૂજાય છે,' પણ **'न तु लोकोत्तरशासने'** -'લોકોત્તર શાસનમાં આડંબર પૂજાતો નથી.' આટલું સમજી લેવાની જરૂર છે, કારણ કે, લોક અજ્ઞાન છે. અજ્ઞાનીમાં બધાં ગપ્પાં ચાલે, એનામાં જે વાત વહેવડાવવી હોય તે વહે, પણ આ શાસનમાં એવું ન જ ચાલે.

આજે અજ્ઞાનીઓ તરફથી સુખના સાધન તરીકે કઈ વસ્તુ આગળ ધરવામાં આવે છે ? ચાહ, કસરત, દંડાદંડી વગેરે વગેરે. અજ્ઞાનીઓમાં 'ચાહ ગરમાગરમ હોય તો અમૃતતુલ્ય ગણાય. વીસમી સદીનું અમૃત' આવી બધી ઉપમાઓ પામે છે. વળી કહે છે કે, 'સુખી થવું હોય તો અહીં આવો, લટ્ઠાબાજી કરો, નાચો, કૂદો.' જ્ઞાની કહે છે કે, ખરે જ બધા ગાંડા ભેગા થયા છે. વારુ! તમે લાઠી લેનારને દુઃખી સાંભળ્યો છે કે નહિ?

સભા૦ ***ઘણાય.***

આથી જ જ્ઞાનીઓ કહે છે કે, દુનિયાની કોઈ પણ ચીજ વાસ્તવિક સુખનું સાધન નથી. આત્મસ્વરૂપમાં રમણતા, એ જ સાચું સુખ છે. આજે છતે-રાજ્યે ચિંતા સળગે છે, છતે-પૈસે, છતે-કુટુંબે, છતે-પરિવારે પણ આજે કોઈ સુખી નથી અને આત્મરમણતામાં અપૂર્વ સુખ છે, એ અમારી અનુભવસિદ્ધ વાત છે. તાકાત હોય તો ખંડન કરો!

એક કવિ કહે છે કે, **'છ ખંડના માલિકને જે સુખ નથી, તે સુખ જીર્ણશીર્ણ વસ્ત્ર પહેરનાર અને ઝૂંપડીમાં વસનાર તથા ભિક્ષાવૃત્તિથી આજીવિકા ચલાવનાર મુનિને છે.'** આથી પણ સિદ્ધ છે કે, સુખનું સાધન છ ખંડની સાહ્યબી નથી અને એ દ્વારા આપણે સિદ્ધ કરવા માંગીએ છીએ કે, સ્વાભાવિક વસ્તુમાં શંકા ન હોય અને એથી જ 'વૈરાગ્ય કેમ થયો?' એ ન પુછાય, કેમ કે, આત્માનો ગુણ છે.

રાગ એ આત્માનો વિકાર છે અને વિરાગ એ આત્માનો સ્વભાવ છે, એટલે જ્યાં વિકારરૂપ રાગ હોય ત્યાં દુઃખ છે અને સ્વભાવરૂપ વૈરાગ્ય હોય ત્યાં સુખ છે. વૈદકમાં પણ એ વાત સમર્થાયેલી છે કે, 'દૂધમાં સાકર વગેરે નાંખવાથી વિકાર થાય છે, ત્યારે એકલું દૂધ ફાયદો કરે છે.' આ તો એક હું સામાન્ય વાત કરું છું. આથી દૂધ પીવા મંડી પડવાનું કહેતો નથી. અહીં આપણો કહેવાનો મુદ્દો એટલો જ છે કે, વિકારથી હાનિ છે. સારાં દ્રવ્યો ભળે તો ગુણ વધારે, પણ ખરાબ દ્રવ્યો ભળે તો ગુણ ઘટાડે, પણ મૂળ સ્વભાવ તો કાયમ જ રહે.

હવે વિચારો કે, આત્માનો ગુણ રાગાંધાવસ્થા કે વિરાગાવસ્થા? મારું મારું કરી મરવું, એ આત્મગુણ કે મારું મારું (માનેલું) છોડવું એ આત્માનો ગુણ?

**''एगोहं नत्थि मे कोई, नाहमन्नस्स कस्सइ।**
**एवं अदीणमणसा, अप्पाणमणुसासइ ।।१।।**

''હું એકલો છું, મારું કોઈ નથી હું કોઈનો નથી,'' - આ રીતે અદીન મનથી - જરા પણ દીનતા કર્યા વિના આત્માનું અનુશાસન કરે.

**एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।**
**सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ।।२।।**

મારો આત્મા એકલો છે, શાશ્વત છે. જ્ઞાન, દર્શનથી યુક્ત છે, બાકી બધા સંયોગથી પેદા થયેલા બાહ્ય ભાવો છે.

**संजोगमूला जीवेण, पत्ता दुःक्ख-परंपरा ।**
**तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरिअं ।।३।।**

સંયોગ જેના મૂળમાં છે એવી દુઃખની પરંપરા જીવે પ્રાપ્ત કરી છે, તેથી સઘળાય સંયોગ સંબંધોને મન, વચન અને કાયાથી વોસિરાવું છું.

આવી ભાવનાને કરનાર આત્માઓ કયા હૃદયથી એમ કહે કે, આ સઘળાય બંગલાઓ અને બગીચાઓ મારા છે? અને કદી વ્યવહારદષ્ટિથી જ્યાં સુધી પોતે તે વસ્તુઓના સંબંધમાં છે ત્યાં સુધી તે વસ્તુઓને પોતાની કહેવી પડે, તો પણ તે તે વસ્તુઓને હૃદયથી પોતાની કઈ રીતે માને? ન જ માને, પણ કદાચ મોહના યોગે જેટલા પ્રમાણમાં તેમ મનાઈ જાય, તેટલા પ્રમાણમાં તેના હૃદયમાં પશ્ચાત્તાપ ચાલુ જ હોય. આથી જ યોગ્યને વૈરાગ્ય કેમ થયો એમ ન પુછાય, પણ તે કેમ નથી થતો એમ જ પુછાય. સાબુ લગાવવાથી ઊજળું વસ્ત્ર સફેદ કેમ ન થાય એ પુછાય, પણ સફેદ કેમ થયું એમ ન પુછાય!

આ સઘળા ઉપરથી એમ સમજો કે, વૈરાગ્ય થવો અને મુનિપણું લેવું એ તો આત્માના સ્વભાવને અનુરૂપ છે અને પાઘડી આદિ તો વિરૂપ છે. તમે ગૃહસ્થ કેમ રહ્યા છો એ હું પૂછું, પણ તમે મને શું પૂછો? મુનિ ગૃહસ્થને શું કહે? ખાવાપીવાની કે સ્ત્રી સાથે બેસવાની છૂટની વાતો કરે? નહિ જ, અને કદાચ એવું કહે તો ધર્મી ગૃહસ્થો જ તેવું કહેનારને કહી દે કે, તમારામાં મુનિપણું નથી અને હોય તો તમે અમને આમ ન કહો પણ અમારું આ બધું છૂટે તેમ કહો.

અલંકારિક ભાષામાં કહીએ કે, લગડી પણ સોનાને પોતાને ટીપવાનું કહે છે અને કહે છે કે, 'કોઈ સારા માણસને માથે, ગળે, હાથે કે અંગે મને પહેરાવવું હોય તો ટીપ, ટિપાય તેટલું ટીપ.' તો પછી કલ્યાણના અર્થી એવા તમે ટિપાવવાની ના કેમ પાડો છો? લોઢાનાં પણ હથિયાર બન્યાં, તે પણ ટિપાયા પછી જ ને? અને સોનાનાં અલંકાર થાય તે પણ ટિપાઈને જ ને? રત્નાદિ પણ સીધાં ગળામાં ન પહેરાય. દોરીમાં નખાય ત્યારે જ પહેરાય, પણ તેની પોટલી ન પહેરાય; તો તમે જેવા છો તેવા જ રહેવા કેમ માંગો છો? જો કે, ધર્મી ગણાતા ગૃહસ્થો 'આ કહેવું ખોટું છે' એમ નથી કહેતા, પણ તેમાંના કેટલાક દૂર રહીને એમ તો કહે છે કે, 'મહારાજ બહુ ઊંચી વાતો કરે છે.' પણ હું તો કહું છું કે, આમાં ઊંચું છે શું? આ તો સહેલામાં સહેલું છે, કારણ કે, આ તો હજી પાંચમા તથા ચોથા ગુણસ્થાનકની વાતો ચાલે છે. આવી વાતો પણ કઠિન લાગવાનું કારણ એ છે કે, મારે તેમને અહીં લાવવા છે અને તેઓને પેલી તરફ જવું છે! અને એનો જ આ રગડો છે!

કેટલાક અજ્ઞાની તો કહે છે કે, 'મહારાજ અમારા વહેપાર-રોજગારની વાત નથી કરતા, પણ બધું છોડવાની અને ખાવાપીવાનું પણ ઓછું કરવાની વાત કરે છે.' આમ એ લોકો તરફથી બોલાય છે, એનું પણ એ જ કારણ છે કે, મારે તેઓને અહીં લાવવા છે, અને તેઓને અહીં આવવું જ નથી! ખરેખર, એની જ આ બધી પંચાત છે.

મારી આગળ તમારાથી 'ઘેર જવું છે' એમ કહેવાતું નથી અને અહીં આવવાનું બનાવવું નથી, એવી વિલક્ષણ દશા તમારી છે! પણ એ દશાથી બચવા માટે નિશ્ચય કરો કે, 'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ આત્માના ગુણો છે, અને તે સિવાય બાકીના તમામ સંયોગો બહારના છે અને એ બહારના સંયોગોથી લેપાયેલા આત્માઓ કદી જ સુખી નથી થયા અને થવાનાયે નથી, એ સૈદ્ધાંતિક વચન છે.' **ખરેખર, જેટલો બાહ્યપદાર્થોનો સંયોગ તેટલું જ દુઃખ અને હૃદયથી તેનો જેટલો વિયોગ થાય તેટલું જ સુખ.** એ પણ જો હૃદયમાં રહેવા છતાં ભાગી જાય તો તો દુઃખ, માટે તો એ વિયોગને

અશુભોદય કહ્યો; કેમ કે, દુનિયા એ ઈચ્છતી નથી; આથી સ્પષ્ટ છે કે, જ્યાં સુધી બહારના સંયોગો હૃદયથી ત્યાગ કરવા પૂર્વક બહારથી વિખૂટા ન કરાય અથવા વિખૂટા ન થાય, તો આત્મસ્વરૂપમાં લીન ન રહેવાય અને તેમ ન થાય ત્યાં સુધી સુખની પ્રાપ્તિ ન થાય.

**'નરક નથી' એમ કહેવાથી શું વળે?**

આવું સત્ય દર્શાવનાર શાસનમાં શંકાને અવકાશ જ ક્યાં છે? આની સામે 'આ વાત અંતરને રુચતી નથી માટે નથી માનતા' - આ પ્રમાણે કહેનાર સામે આપણે એક પ્રશ્ન ધરીએ છીએ કે, 'દુનિયાની સઘળી ક્રિયાઓ શું તમે હૃદયપૂર્વક કરો છો?' કહેવું પડશે કે નહિ. કારણ કે, ત્યાં તેઓને પણ હૃદય વિના ઘણાં જ નહિ પણ પ્રાયઃ બધાં જ કામ અનિચ્છાએ કરવાં પડે છે. ત્યાં અંતરઅવાજને મારવો જ પડે છે. કારણ કે, મોટરમાં બેસવું એ તેવા સૌને ગમે છે, છતાં તેઓ પગથી ચાલે છે તે શું વૈરાગ્યથી? નહિ જ. એવી જ રીતે મજૂરી કે નોકરી કરાય છે, અનેકને સલામો ભરાય છે, તે મને કે કમને? જો કમને જ, તો મન વિના એ બધું થાય, તો માત્ર આ (ધર્મ) ન થાય, એમ કેમ?

**અંતરઅવાજ ઉપર વજન મૂકનારાઓને હું સારી રીતે ઓળખું છું, કારણ કે, તેઓના અંતરઅવાજની કિંમત છે જ ક્યાં? તેઓનું અંતર તો શહેનશાહની સિંહાસન લેવાનું છે, પણ ભાગ્ય વિના શહેનશાહનું જુત્તી પણ મળતી નથી અને મળવાનીયે નથી, એ સુનિશ્ચિત છે.** આખી દુનિયાની મિલકત પોતાની તિજોરીમાં હોવાનું તેઓનું અંતર તો ઈચ્છે છે, પણ છે ક્યાં? કહેવું જ પડશે કે, એવા પાગલોની આશાનો અંત નથી! ઈચ્છાની અવધિ નથી!! અને ત્રૂટિ નથી!!! તેઓનાં વખાણ કરાય શી રીતે? તેઓ જે રોટલા ખાય છે તે પણ રોટલી નથી મળતી તેથી! ઈચ્છા તો ઝબોળી-ઝબોળીને ખાવાની છે, પણ મળે ક્યાંથી? ડગલે અને પગલે તેવાઓને દુઃખ છે, કારણ કે, તેઓની ઈચ્છાથી એક પાંદડું પણ હાલતું નથી.

આ ઉપરથી સ્પષ્ટ છે કે, અંતર અવાજ ઉપર નાચનારાઓની ચોવીસે કલાકની તમામ કાર્યવાહી પ્રાયઃ ઈચ્છા વિનાની જ હોય છે, પણ ગુલામીમાં એવા ટેવાયા છે કે, તેમને એ ગુલામી ગુલામી જ લાગતી નથી અને એથી જ પોતે દુઃખમાં રિબાતા, સડી રહેલા અને સળગતા હોવા છતાં તુચ્છ વસ્તુઓની ગુલામી તજી અનંતજ્ઞાનીઓની આજ્ઞાને આરાધી રહેલા અથવા તો આરાધવાને ઈચ્છતા એવા સાધુઓને દુઃખી તરીકે ભાળે છે; આ શું એ પામરોની ઓછી કમનસીબી છે? દુઃખમાં સબડનારા તેઓ પરમસુખમાં ઝીલી રહેલા મુનિવરોની ઠેકડી કરે, એ એમનું હીણભાગ્ય નહિ તો બીજું છે પણ શું?

એક સાંધે અને તેર તૂટે એવી દશામાં એમનાં જીવન તમે જુઓ, તો તમને લાગે કે, મનુષ્યજીવનમાં જન્મેલા એ બિચારા નારકીઓ જેવા છે! **જે જીવનમાં સંતોષ એ પ્રધાન ગુણ જોઈએ, કેવળ ત્યાગના પાયા ઉપર જ જે જીવનની કિંમત અંકાય છે, તે જીવનમાં ઘોર પાપ કરનારા અને ત્યાગના સંહારની પ્રવૃત્તિ કરનારા મનુષ્યો પ્રાયઃ નરકગામી હોવાથી નારકી જેવા છે,** અને એથી જ સદાય પરમ દુઃખી છે, માટે જ તેઓને જૈનકુલમાં જન્મવા છતાં પણ નારકી હશે કે નહિ, એવી શંકા થાય છે.

એમાંનો એક તો કહે છે કે, 'મગજની ખરાબ દશા એ જ નરક'. કૂવાના દેડકા જેવા એમને સ્વર્ગ અને નરક પણ અહીં જ દેખાય છે. એકાદિ મોટર વગેરેમાં સ્વર્ગ દેખાય છે અને નહિ જેવા દુઃખમાં નરક દેખાય છે. એવાઓના માટે અહીં જ સ્વર્ગ-નરક હોય એમાં આશ્ચર્ય શું છે? એ પામરો પોતાના પાપનો તો હિસાબ કરતા જ નથી! ગોઠવી ગોઠવી જૂઠું બોલે, કેટલાયને ગરદન મારે, વિશ્વાસઘાત કરે, અનેક પ્રકારના અનાચારો સેવે, એ બધાં પાપોનો એ લોકોને મન કોઈ હિસાબ જ નથી. હવે એ પાપનું ફળ અહીં પૂરું મળતું નથી, તો એનું ફળ પૂરું મળવા કોઈ સ્થાન હોય કે નહિ?

તેઓને પૂછો કે, તમે લોકોએ તમારાં પાપોની ગણતરી કરી છે? **વાવેલા ઘઉં ઊગે, બાજરી ઊગે, ફળ ઊગે અને શું કરેલાં પાપ નહિ ઊગે?** આથી જ હું તેઓને કહું છું કે, તમારો પાપોદય હોય અને અન્યને ઠગતા હો તો તમે જાણો, પણ તમે લોકો તમારા આત્માને તો ન જ ઠગો. ભયંકર પાપની કાર્યવાહીનું ફળ નરક છે, એમાં જરાયે શંકા ન કરતા. અને એ વાત માનો કે ન માનો, પણ તમને પણ તેનું ફળ તો મળશે જ મળશે, માટે ખૂબ સાવધ રહેવાની જરૂર છે. દુનિયામાં 'માન ન માન પણ મેં તેરા મહેમાન' એ રીતે પણ મેમાન થનારા હોય છે, તેમ તેઓ માને કે ન માને પણ નરક છે તે કાંઈ ચાલી જવાની નથી, કારણ કે, નરક કાંઈ એમના માનવા ઉપર રહી

છે, એમ નથી જ. **દુનિયાનું ચક્કર કંઈ તેઓના આધારે નથી ચાલતું, કે જેથી એવાઓ નારકીને કે આત્મા વગેરેને હમ્બગ કહે એટલા માત્રથી એ થઈ જાય.**

સભા૦ ***એ લોકો કહે છે કે, નરકનો હાઉ બતાવે છે!***

વારુ! હાઉ બતાવનારા હાઉ બતાવીને કંઈ માંગે છે? પાંચ-પચ્ચીસ આપ તો નરક નહિ મળે એવું કાંઈ કહે છે? સ્વાર્થ સાધવાને બતાવાતો હાઉ ન મનાય; એ વાત ઠીક છે. મા રોતા બાળકને ચૂપ કરવા હાઉ બતાવે એ હાઉ ખોટો, પણ આ તો વગર સ્વાર્થે, નાસ્તિકોની ગાળો ખાવાનું જોખમ વહોરીને, નાસ્તિકોને અપ્રિય થવાની કાર્યવાહી કરીને પણ અને હજારો થઈ બેઠેલા દુશ્મનોની દુશ્મનાવટની પરવા વિના નરકનું જેવું છે તેવું સ્વરૂપ સ્પષ્ટ બતાવે છે, એમાં સ્વાર્થ તો બતાવો?

સભા૦ ***આર્યસમાજી જેવા થઈ ગયેલાઓ કહે છે કે, જૈનોએ તો કૃષ્ણને પણ નરકે મોકલ્યા છે!***

ભલે તેઓ તેમ કહેતા હોય, પણ તેઓના કથનમાં કશું જ સત્ય નથી; કારણ જૈનો કોઈને નરકે મોકલતા જ નથી. જીવો નરકાદિ દુર્ગતિમાં ન જાય, એ માટે તો જૈનશાસનનો પ્રયત્ન છે. બાકી જીવો તો પોતાનાં કર્મે જ નરકે જાય છે. કૃષ્ણને જૈનો તો ઊંચી કોટિના આત્મા માને છે, પણ એથી કાંઈ એવા આત્માને પણ કર્મ ઓછું જ છોડે?

ભગવાન શ્રી મહાવીરનો આત્મા પણ સાતમી નરકે ગયો હતો, એમ પણ જૈનદર્શન પોતે જ કહે છે ને ? આથી સ્પષ્ટ છે કે, જ્ઞાનીએ તો બધું જ સ્વરૂપ કે જે સત્ય હતું તે બતાવ્યું છે. એ જ્ઞાનીઓએ એક સ્થાન એવું પણ બતાવ્યું છે, કે જ્યાં દુઃખ જ નથી, એટલું જ નહિ પણ અનંત સુખ છે. એવી જ રીતે સ્વર્ગમાં સુખ છે પણ તે દુઃખમિશ્રિત અને નાશવંત છે તથા નરકમાં તો દુઃખ છે, એમ જણાવીને તેના હેતુઓ પણ સમજાવ્યા છે. આ જાણ્યા પછી જેને જેની કાર્યવાહી કરવી હોય તે કરે, પણ સ્વરૂપ બતાવનાર પર ગુસ્સો શા માટે?

આથી સ્પષ્ટ છે કે, કોઈ કોઈને નરકમાં મોકલતું નથી, પણ સૌને સૌની કાર્યવાહી જ યોગ્ય અગર અયોગ્ય સ્થળે લઈ જનારી છે. આ બધા ઉપરથી એ પણ સમજાશે કે - ઈચ્છા મુજબ કરવાનું માનતા હોય તેઓને પણ ચૂપ થવું પડશે, નહિ તો કરે કાયદો કે, - દુનિયામાં પણ મન માને તે જ ક્રિયા કરવી પણ બીજી ન કરવી, તો એ ખરા! પણ એ થાય તેમજ નથી, કારણ કે, મન ના પાડે એવી તો ઘણીયે ચીજો તેઓ દરરોજ પ્રાયઃ કરી રહ્યા છે. એ રીતે ખરાબ ક્રિયાઓ, એટલે કે, મોહની આધીનતાથી કરવી પડતી ક્રિયાઓ વગર ઈચ્છાએ ચોવીસે કલાક કરો છો, તો સારી એટલે અનંતજ્ઞાનીઓએ ફરમાવેલી ક્રિયાઓને વગર ઈચ્છાએ પણ કરવામાં હરકત શી છે?

**શ્રી જિનવચનમાં શંકા થવાનાં કારણો અને તેને દૂર કરવાના ઉપાયો:**

આથી અમને નથી રુચતું માટે અમે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાઓ નથી માનતા એ કહેવું વાજબી નથી; કારણ, **સાચી અને શંકા વિનાની વસ્તુઓ ન રુચે એટલા ઉપરથી એ ન સ્વીકારવી, એ તો ભયંકર અજ્ઞાનતા છે.** એવી વસ્તુઓમાં કદાચ ઉપકારી પરમર્ષિઓએ બતાવેલાં કારણો દ્વારા શંકા થાય, તો એ ઉપકારીઓના જ બતાવેલા ઉપાયોથી એ થયેલી શંકાને ટાળી દેવી જોઈએ, પણ એને સાચવી સાચવીને કે પોષી પોષીને પાયમાલીના પંથે ન જવું જોઈએ.

અજ્ઞાન આત્માઓ પોતાની જ અજ્ઞાનતાને લઈને ઉન્માર્ગે ન ચઢી જાય એ કારણે, જેમ અનેક પરમર્ષિઓએ ફરમાવ્યું છે તેમ કલિકાળસર્વજ્ઞ આચાર્ય ભગવાન **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા પણ શ્રી **યોગશાસ્ત્રમાં** ફરમાવે છે કે-

**• ભાવાર્થ: ''શંકા'' આદિ એટલે-૧ ''શંકા, ૨-કાંક્ષા, ૩-વિચિકિત્સા, ૪-મિથ્યાદષ્ટિઓની પ્રશંસા અને ૫-મિથ્યાદષ્ટિઓનો પરિચય'' આ પાંચેય નિર્દોષ એવા પણ સમ્યક્ત્વને અતિશયપણે દૂષિત કરે છે.''**

• ''शङ्काकांक्षा विचिकित्सा मिथ्यादृष्टिप्रशंसनम् ।
तत्संस्तवश्च पञ्चापि, सम्यक्त्वं दूषयन्त्यलम् ।।२१७।।
''पञ्चापि शङ्कादयो निर्दोषमपि सम्यक्त्वं दूषयति अलमतिशयेन।''

આ પ્રમાણે ફરમાવીને એ પરમ ઉપકારી પરમર્ષિ 'શંકા' નામના પ્રથમ દોષનું સ્વરૂપ સમજાવતાં ફરમાવે છે કે-

**+ભાવાર્થ: ''શંકા'' એટલે સંદેહ. એ શંકા બે પ્રકારની છે; એક સર્વનો વિષય કરનારી શંકા અને બીજી દેશનો વિષય કરનારી શંકા. 'ધર્મ છે અથવા**

**નથી?' આવી જે શંકા તે સર્વનો વિષય કરનારી શંકા કહેવાય છે, કારણ કે, 'ધર્મ છે કે નથી?' આવા પ્રકારની શંકા એ આખાયે ધર્મની હયાતીમાં જ શંકા પેદા કરાવે છે; આથી, જેમ આખાયે ધર્મની હયાતીમાં જ શંકા પેદા કરાવનારી શંકા, સર્વનો વિષય કરનારી શંકા કહેવાય છે, તેમ એક-એક વસ્તુના ધર્મનો વિષય કરનારી શંકા એ દેશશંકા કહેવાય છે; જેમ કે, 'જીવ કેવળ સર્વગત છે, કે અસર્વગત અથવા તો સપ્રદેશી કે અપ્રદેશી - આવા પ્રકારની શંકા એ દેશશંકા કહેવાય છે.**

+ ''शङ्का-सन्देहः सा च सर्वविषया देशविषया च । सर्वविषया अस्ति वा नास्तिः सर्व धर्म इत्यादि । देशशंङ्का एकैकवस्तु-धर्म्मगोचरा-यथा अस्ति जीवः केवलं सर्वगतोऽसर्वगतो वा सप्रदेशोऽप्रदेशो वेति'' ।

આ રીતે શંકાનું સ્વરૂપ દર્શાવ્યા પછી એ જ પરમોપકારી પરમર્ષિ આગળ ચાલતાં ફરમાવે છે કે-

**◆ભાવાર્થ : ''આ બેય પ્રકારની શંકા ભગવાન શ્રી અરિહંત પરમાત્માએ પ્રણીત કરેલ પ્રવચનમાં અવિશ્વાસ રૂપ છે; આ જ કારણે એ બે પ્રકારની શંકા સમ્યક્ત્વને દૂષિત કરે છે.''**

◆ ''इयं च द्विघापि भगवदर्हत्प्रणीतप्रवचनेषु अप्रत्ययरूपा सम्यक्त्वं दूषयति।''

આ ઉપરથી એ વાત સ્પષ્ટ છે કે, શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવેલી એક પણ વસ્તુમાં શંકા કરવી એ યોગ્ય નથી, કારણ કે, આપ્ત પુરુષના કથનમાં શંકા કરવી એ પણ પાપ છે, માટે એ કોઈ પણ રીતે યોગ્ય નથી. એ જ કારણે એ જ ઉપકારી પરમર્ષિ આગળ વધીને એમ પણ ફરમાવે છે કે-

**• ભાવાર્થ: ''આપણી પ્રમાણપરીક્ષાથી નિરપેક્ષ એવા પણ પદાર્થો કે જે કેવળ આગમથી જ જાણવા યોગ્ય છે, તેવા પદાર્થોને વિષે પણ તે આપ્ત પુરુષોએ પ્રરૂપેલા હોવાથી સંદેહ કરવો એ યોગ્ય નથી.''**

• ''केवलागमगम्या अपि हि पदार्था अस्मदादिप्रमाणपरीक्षानिरपेक्षा आप्तप्रणेतृत्वान्न सन्देग्धुं योग्याः ।''

આ પ્રકારે ફરમાવીને કલિકાળસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા આપણને નિશ્ચિત રૂપમાં સમજાવે છે કે, શ્રી વીતરાગ પરમાત્માએ પ્રરૂપેલા પદાર્થો એવા પણ હોય છે કે, જે આપણી પ્રમાણપરીક્ષાની અપેક્ષા નથી રાખતા, કારણ કે, કેવળ આગમગમ્ય પદાર્થો પ્રમાણપરીક્ષાથી પર હોય છે, એટલે તે પદાર્થો કેવળ આગમથી જ જાણવા યોગ્ય છે. એવા પદાર્થોને વિષે સંદેહ કરવો એ પણ અયોગ્ય છે અને એનું કારણ એ જ કે, તે પદાર્થો આપ્ત પુરુષે પ્રરૂપેલા છે.

આથી એ સ્પષ્ટ છે કે, આપ્ત પુરુષોનાં કથનમાં શંકા કરવાને કોઈ કારણ જ નથી; આ છતાં પણ એ ઉપકારી જાણે છે કે, મોહની ગતિ વિચિત્ર છે અને એ મોહ ભલભલા આત્માને પણ મૂંઝવે છે, માટે આપ્ત પુરુષના કથનને માનવામાં પણ મૂંઝવનાર કોણ છે તે દર્શાવી અને તે મૂંઝવણથી બચવાનો અનુપમ ઉપાય દર્શાવતાં, ક્યાં ક્યાં કારણોથી મૂંઝવણ થવાનો સંભવ છે તે અને તેનાથી બચવા માટે બુદ્ધિશાળીએ શું વિચારવું જોઈએ, એ સમજાવતાં પણ ફરમાવે છે કે-

**■ભાવાર્થ : ''જે કોઈ પણ સ્થળે કદાચ મોહના વશે પ્રવચનમાં સંશય થાય, તો તેને દૂર કરવા માટે આ અર્ગલા અપ્રતિહત છે. એટલે કે, એ ઉપાય અનુપમ છે : જેમ કે,**

**''કોઈ કોઈ સ્થળે મતિની દુર્બલતાના યોગે, તેવા પ્રકારના આચાર્યના અભાવે, જ્ઞેય પદાર્થોના ગહનપણાના યોગે, જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી અથવા હેતુ તથા ઉદાહરણના અસંભવથી શ્રી સર્વજ્ઞ પરમાત્માનો જે સાચો મત છે, તે ન સમજાય તો પણ મતિમાન વિચારે કે, શ્રી સર્વજ્ઞ પરમાત્માનો તે મત સાચો છે, કારણ કે, જગતમાં શ્રેષ્ઠ એવા શ્રી જિનેશ્વરદેવો પોતા ઉપર કોઈએ ઉપકાર નથી કર્યો; તે છતાં પણ પરનો અનુગ્રહ કરવામાં તત્પર છે; એટલું જ નહિ પણ એ જગતશ્રેષ્ઠ શ્રી જિનેશ્વરદેવોએ રાગ, દ્વેષ અને મોહને પણ જીતી લીધેલા છે, તે કારણથી તે તારકો અન્યથાવાદી હોઈ જ શકતા નથી, એટલે કે, તે તારકો જે કંઈ ફરમાવે છે તે સંપૂર્ણ સત્ય જ હોય છે.''**

■ ''यत्रापि मोहवशात् क्वचनसंशयो भवति तत्राप्यप्रतिहतेयमर्गला यथा-
''कत्थ य मइदुब्बलेण, तव्विहायरियविरहओ वावि ।
नेयगहणत्तणेण य, नाणावरणोदएणं च ।।१।।''

हेऊदाहरणासंभवे अ, सह सुट्ठु जं न बुज्झेजा ।
सव्वनुमयमवितहं, तहावि तं चिंतए मइमं ।।२।।

अणुवकयपराणुग्गह-परायणा जे जिणा जगप्पवरा ।
जियरागदोसमोहा य, नन्नहा वाइणो तेणं ।।३।।

વિચારો કે, ઉપકારના જ એક કાર્યમાં રક્ત બનેલા પરમર્ષિઓએ એક પરોપકારની જ દૃષ્ટિથી એક વસ્તુની કેટલી અને કેવી સ્પષ્ટતા કરી છે! પ્રથમ તો ફરમાવે છે કે, 'વસ્તુસ્વરૂપે તો શ્રી જિનેશ્વરદેવના વચનમાં શંકા થવી જ ન જોઈએ.' આ પ્રમાણે ફરમાવ્યા પછી એ જ ઉપકારીએ ફરમાવ્યું કે, 'થવી ન જોઈએ તો પણ મોહના યોગે થઈ જાય, તો તેનાથી બચી જવા માટે એમ વિચારવું કે, એ તારકો નિષ્કારણ ઉપકારી છે અને રાગ, દ્વેષ તથા મોહના સંપૂર્ણ વિજેતા છે.'

વધુમાં આપણે એ પણ જોઈ ગયા કે, એ ઉપકારીએ શંકા થવાનાં કારણો પણ દર્શાવેલાં છે. એ કારણોની સંખ્યા પાંચની છે.

''૧. મતિની દુર્બળતા''

''૨. તેવા પ્રકારના આચાર્યનો વિરહ.''

''૩. જ્ઞેય વસ્તુની ગહનતા.''

''૪. જ્ઞાનાવરણીય કર્મનો ઉદય.''

''૫. હેતુ અને ઉદાહરણનો અસંભવ.''

આ પાંચ કારણો ઉપરથી સમજી શકાય છે કે, જો શ્રી સર્વજ્ઞ પરમાત્માના શાસનમાંની કોઈ વાત આપણાથી ન સમજાય, તો આપણે પહેલી તો એ જ વિચારણા કરવાની કે, 'અમારી મતિની દુર્બળતા ક્યાં અને અનન્તજ્ઞાનીના જ્ઞાનની શક્તિ ક્યાં!' પણ આજે તો એ દશા છે કે 'શું અમારી મતિ અને એ વળી દુર્બળ?' સમ્યક્ત્વને નહિ પામેલા માર્ગાનુસારી આત્માની પણ માન્યતા કેવી હોય, તે દર્શાવતાં ઉપકારીઓ જણાવે છે કે, 'શાસ્ત્રો ગહન છે અને મતિ અલ્પ છે માટે શિષ્ટો કહે તે પ્રમાણ; જ્યારે અત્યારે પોતાને પરમ સમ્યગ્દૃષ્ટિ મનાવવાનો દાવો ધરાવનારાઓ પણ શ્રી સર્વજ્ઞદેવના શાસનને પોતાની મતિથી ડહોળવાનો નિષ્ફળ પણ કૂટ પ્રયત્ન કરે છે, એ તેઓની નીતિ કેટલી કુટિલ છે, એ દર્શાવે છે.

એ જ રીતે શંકાથી બચવા માટે બીજી વિચારણા એ કરવાની છે કે, 'તેવા પ્રકારના સમર્થ આચાર્યદેવના અભાવે પણ વસ્તુ તદ્રૂપે સમજી ન શકાય, માટે વસ્તુ જ નથી એ ન બને.'

એવી જ રીતે માનો કે 'મતિની દુર્બળતા પણ ન હોય અને જ્ઞાની આચાર્યનો સંયોગ પણ હોય, તે છતાં પણ જ્ઞેય પદાર્થોની ગહનતાના પ્રભાવે સમજાય નહિ એમ પણ બને.' આપણે શાસ્ત્રો દ્વારા જાણીએ છીએ કે પ્રભુશાસનના છેલ્લા શ્રુતકેવલી ભગવાન શ્રી સ્થૂલભદ્રજી મહારાજા સાથે પાંચસો મુનિવરો ભણવા ગયા હતા, પણ એક ભગવાન શ્રી સ્થૂલભદ્રજીને છોડીને બધાય મતિની મંદતા અને જ્ઞેયની ગહનતાના પ્રતાપે એક પછી એક આગળ નહોતા વધી શક્યા અને એકલા શ્રી સ્થૂલભદ્રજી મહારાજ જ છેક સુધી ટક્યા હતા. કહેવું જ પડશે કે ત્યાં પણ ભણનાર કે ભણાવનારની ખામી ન હતી; પણ જ્ઞેયની ગહનતા જ તેમાં મુખ્ય કારણરૂપ હતી.

એ જ પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય અને હેતુ તથા ઉદાહરણનો અસંભવ પણ પ્રભુશાસનને નહિ સમજવામાં કારણરૂપ થઈ જાય છે.

આ કારણોના પ્રતાપે સાચી પણ વસ્તુ ન સમજાય, એથી વસ્તુ જ નથી એમ કેમ જ કહેવાય? અને એમ કહેવું એના જેવી બીજી મૂર્ખતા પણ કઈ? એક ગંભીર વાત સમજવા મતિની નિર્મલતા પણ જોઈએ, સુયોગ્ય ગીતાર્થજ્ઞાતા સદ્ગુરુનો સદ્ભાવ પણ જોઈએ, સમજવામાં સહાયરૂપ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ તથા અનેક હેતુ તથા ઉદાહરણો પણ જોઈએ, છતાંય બધી વાત માટે હેતુ તથા ઉદાહરણ મળે એ કાંઈ ઓછું જ નક્કી છે? મળે અને ન પણ મળે. આ કારણોથી છદ્મસ્થને અનેક વાતો ન પણ સમજાય, એ તો સહજ છે.

આથી જ કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજા કહે છે કે, તે તે કારણોથી સારી રીતે ન સમજાય તો પણ બુદ્ધિશાળી આત્મા ત્યાં એમ જ વિચારે કે-

**''सर्वज्ञमतं अवितथं''**

**''શ્રી સર્વજ્ઞ પરમાત્માનો મત સાચો છે.''**

પરંતુ આવો વિચાર તો જે સમજુ અને અનાગ્રહી હોય તે જ કરે પણ કદાગ્રહી મૂર્ખાઓ તો ન જ કરે.

### આપણું કર્તવ્ય!

સભા૦ ***ઠીક, તો સાહેબ! મૂર્ખાઓ એવું ન વિચારે અને યદ્વા તદ્વા બોલે અથવા લખે, તે આપણને બળતરા કે દુઃખનું કારણ તો નથી જ ને?***

જરાયે નહિ! કોઈ વસ્તુ કોઈ ન માને એમાં આપણને દુઃખ ન થાય, પણ તે બિચારાની દયા આવે અને કોઈ પામર સાચી વસ્તુનો નાશ કરવા પ્રયત્ન કરે, ત્યારે જો આપણામાં તેનું રક્ષણ કરવાની તાકાત ન હોય તો દુઃખ પણ થાય. એ દુઃખના યોગે રક્ષા કરવાની તાકાત ન હોય તો તાકાતને કેળવવાની અને એ તાકાત કેળવ્યા પછી રક્ષાના પ્રયત્નમાં અવિરતપણે મચ્યા રહેવાની પણ આપણી અનિવાર્ય ફરજ છે. એ ફરજ બજાવવી, એ જ આપણું કર્તવ્ય છે.

આપણા એ કર્તવ્યપાલનથી અજ્ઞાન કદાગ્રહીઓ ઉદ્ધત બને કે ખોટા ઘોંઘાટો કરે, એથી આપણે મૂંઝાવું પણ ન જોઈએ અને નિરાશ પણ ન થવું જોઈએ, કારણ કે, ઉપકારી મહાપુરુષો ફરમાવે છે કે, અનુગ્રહબુદ્ધિથી અનંતજ્ઞાનીઓની આજ્ઞા મુજબ ઉપકારની પ્રવૃત્તિ ચાલુ રાખવી. એના યોગે ભાગ્યશાળીઓનું કલ્યાણ થાય અને ભાગ્યહીનોનું ન પણ થાય, પણ એવી સુવિશુદ્ધ પ્રવૃત્તિ કરનારનું તો અવશ્ય કલ્યાણ થાય જ.

બીજું શ્રી સર્વજ્ઞ પરમાત્માનો મત સાચો છે એવું જે મતિમાન વિચારે છે, એ કંઈ નિષ્કારણ નથી પણ સકારણ છે, એમ પણ આપણને આ ઉપકારી મહાપુરુષ સમજાવે છે, અને સમજાવતાં ફરમાવે છે કે, એ તો વગર ઉપકાર કર્યે ઉપકારી હતા. એટલે કે, નિષ્કારણ ઉપકારી હતા, જગતમાં શ્રેષ્ઠ હતા, રાગ, દ્વેષ અને મોહને જીતનારા હતા, એવા શ્રી જિનેશ્વરદેવો અન્યથા ન જ કહે, કારણ કે, એ તારકોને અસત્ય કહેવાનું કારણ જ હતું નહિ. અસત્ય એ તારકના મુખમાંથી નીકળે જ નહિ. આથી શાણાએ સમજવું જોઈએ કે, સમજવા માટે મારી પાસે સાધન નથી, માટે જે હું ન સમજી શકું તે વસ્તુ ખોટી છે, એમ ન જ કહેવાય.

### સારું નિમિત્ત પણ યોગ્યને અસર કરે!

વ્યવહારમાં પણ જેઓને ખિસ્સામાં પૈસા ન હોય, તેઓ ઝવેરીને ત્યાં માલ નથી એમ નથી કહેતા અને કહે તો એવું કહેનારા મૂર્ખા ખરા ને? અને એ મૂર્ખ પણ કેવા? કહેવું જ પડશે કે, 'ન વર્ણવી શકાય તેવા!' જો 'ઝવેરીને ત્યાં માલ હોત તો આવીને અમારા કંઠમાં ન પડત!' આવું બોલનારા હોય તો તેઓને એવું કહેનારા પણ અનેકાનેક મળે કે, ''કમનસીબ! એ માલ તો પૈસાવાળાના કંઠમાં પડે પણ તારા જેવા ભિખારીના કંઠમાં ન જ પડે!'' એથી દુનિયામાં એવું બોલનારા નથી પણ, ''પ્રભુમૂર્તિમાં કંઈ હોય તો અમને ભાવના ન થાય? સાધુમાં સાધુતા હોય તો અમારા પર છાપ ન પડે?'' આવું બોલનારા ઉલ્લંઠો તો આજે અનેક નજરે પડે છે, કારણ કે, તેઓની છાતી ભેદાય એવું કહેનારા ઓછા મળે છે! આથી જો એ ઉલ્લંઠોને એવું એવું બોલતાં બંધ કરવા હોય અગર તો એવાઓનું એવું બોલવું નિષ્ફળ બનાવવું હોય તો તમે સમજો કે-

'અભવ્યો ઉપર શ્રી તીર્થંકરદેવની પણ છાપ નથી પડતી, સૂર્ય જેવો પ્રકાશક પણ ઉલૂક આદિ જાતને પ્રકાશ નથી આપી શકતો, કારણ કે, જાતિસ્વભાવને સુધારવાનો ઉપાય નથી. અમૃત જેવું દૂધ પણ સર્પના કંઠમાં ઝેર થાય છે. ગાય-ભેંસના મોંમા ગયેલા ઘાસનું દૂધ થાય છે, અને એ જ દૂધ સર્પના મોંમાં ઝેર થાય છે, માટે અયોગ્ય પાત્રમાં સારી વસ્તુ પણ ખરાબ થાય છે.'

આ પ્રમાણે સમજીને જેઓ કહે છે કે, ''મંદિરમાં જઈએ છીએ પણ પરિણામ ટકતા નથી.'' તેઓને સમજાવો કે, ''સામે વીતરાગની મૂર્તિ છતાં તમારા પરિણામ ન ટકે તેમાં વાંક તમારી પોતાની જાતનો અગર તો તમારી અયોગ્ય પ્રવૃત્તિનો જ, કારણ કે, ચોવીસે કલાક જ્યાં ત્યાં રખડનારા, અનેક પદાર્થોમાં આંખને ઘરેણે મૂકી આવનાર અને હૈયાને હજારો ઠેકાણે ગીરવે મૂકી આવનારા તમારા ઉપર પરમાત્માની મૂર્તિ પણ શું અસર કરે? તમારા જેવાને મૂર્તિ પકડી પણ શી રીતે રાખે? નક્કી કરીને તો આવો છો કે, મંદિરમાંથી પાંચ મિનિટમાં નીકળવું છે, કેમ કે, કામ અનેક છે. હવે એવાઓને મૂર્તિ શી રીતે પકડી રાખે?

### ખામી નિમિત્તની નહિ પણ તમારી પાત્રતાની છે:

સભા૦ ***મંદિરમાં આવનાર ઘણા તો ઊંચી છાતીએ દેખાવ રૂપે જ પગે લાગીને હાલવા માંડે અને મૂર્તિની સામે પણ ન જુએ!***

તો પછી વિચારો કે, એવા આત્માઓને પરમાત્માની મૂર્તિ પણ શું કરે? અરે! કેટલાક તો ચૈત્યવંદન પણ સડસડાટ બોલી જાય અને નજર પણ ભગવાન સામે ન હોય, જાણે પંજાબ મેલ ચાલ્યો! આવા આત્માને મૂર્તિ શું અસર કરે? પોતે જ અયોગ્ય છતાં ઉપરથી પાછા કહે છે કે, 'અમે સારા પણ આમાં કંઈ નથી.' ખરેખર આ રીતે તો એ પાપાત્માઓ પોતાની ખામીનો આરોપ અનંતજ્ઞાની ઉપર, અનન્ત જ્ઞાનીઓની મૂર્તિ ઉપર અને અનન્ત જ્ઞાનીના આગમ ઉપર મૂકવાની ધૃષ્ટતા કરે છે! ખરેખર, એવાઓ રસ્તાના રખડતા ભિખારી કરતાં પણ ભૂંડા છે, કારણ કે, રસ્તે રખડનાર ભિખારીઓ પણ સમજે છે કે, અમારા પોતામાં માલ લેવાની તાકાત નથી, એ ઉપરથી એમ ન જ કહેવાય કે, જગતમાં વસ્તુ મળતી નથી.

એક પૈસો લઈને જાય તો કંદોઈ ચણા-મમરા જ ખોબો ભરીને આપે, પણ બરફીના ટુકડા ન જ આપે!' એવું તો એક નાનું બાળક પણ સમજે છે અને કદાચ અજ્ઞાન હોઈ તે બરફીના ટુકડા માંગે તોયે એ કહે છે કે, 'ભાઈ! એક પૈસામાં ન આવે, એનાથી તારું પેટ પણ નહિ ભરાય, એક પૈસામાં ખોબો ભરીને તો મમરા કે ચણા જ આવે.' આવું સાંભળીને પેલો અજ્ઞાની કહે કે, 'એને ત્યાં માલ જ નથી' તો સાંભળનાર ઝટ કહે કે, 'માલ તો ઘણોયે છે પણ તું ભિખારી છે.'

આ જ રીતે પોતાની ખામીનો આરોપ પરમાત્માની મૂર્તિ ઉપર, પરમાત્માના પંથે વિહરતા મુનિપુંગવો ઉપર અને પરમાત્માએ પ્રણીત કરેલાં આગમો ઉપર કરનારા પામરોને તેઓમાં રહેલી પામરતાનો ખ્યાલ કરાવવા તમારે પણ અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ, અને સમજાવવું જોઈએ કે, તમારામાં રહેલી મતિમંદતાદિના યોગે ગીતાર્થ ગુરુદેવો દ્વારા સમજાવાતી પ્રભુપ્રણીત આજ્ઞાઓ તમારાથી ન સમજાય તો પણ તેમાં શંકા કરી કરીને તમે નાહક પાયમાલીના પંથે ન ચઢી જાઓ, પણ એમ જ વિચારો કે, સર્વજ્ઞ પરમાત્માનો મત સાચો જ છે, કારણ કે, આ વિશ્વમાં રહેલા એકના એક અને શ્રેષ્ઠ એવા શ્રી અરિહંતપદે વિરાજતા શ્રી જિનેશ્વરદેવો નિષ્કારણ ઉપકારી હોવા સાથે-રાગ, દ્વેષ અને મોહ કે જે સર્વ પાપોનાં મૂળરૂપ છે, તેનો સર્વ પ્રકારે વિજય કરનારા હોવાથી, તે પરમતારકો કદી જ અન્યથાવાદી એટલે અસત્યવાદી હોતા નથી, પણ જેવું હોય તેવું જ કહેનારા હોય છે, અને એ જ કારણે ઉપકારીઓના કથન મુજબ તમારે પણ જો તમારામાં આત્મકલ્યાણની સાચી આકાંક્ષા હોય, તો પોતાના અંતરમાં -

■ **''ખરેખર, અમને શ્રી જિનેશ્વર ભગવાને પ્રરૂપેલું સૂત્ર પ્રમાણરૂપ જ છે.''**

■ ''सूत्रं हि नः प्रमाणं जिनाभिहितम् ।''

• **સૂત્રે કહેલા એક પણ અક્ષરની અરુચિ કરવાથી માણસ મિથ્યાદષ્ટિ થાય છે.**

• ''सूत्रोक्तस्यैकस्याप्यरोचनादक्षरस्य भवति नरः मिथ्यादृष्टिः ।''

-આ પ્રમાણેની ભાવનાને અંકિત કરી દ્યો. કારણ કે, શંકારૂપ દોષથી બચવા માટે પરમોપકારી કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પણ એ જ ઉપાય ફરમાવે છે.

આ બધા ઉપરથી એ સ્પષ્ટ છે કે, શ્રી જિનેશ્વરદેવના કથનમાં શંકા એ ભયંકર દોષ છે અને એ દોષથી બચનાર ભાગ્યે જ કાંક્ષા આદિ દોષોમાં ફસાય છે; આથી જે સમુદાય શંકા આદિ દોષોથી બચે છે, તે જ પોતાની સમ્યક્ત્વરૂપી પીઠને દઢ રાખી શકે છે અને એ રીતે એ પીઠને દઢ રાખનારો સમુદાય જ, આપણે આ જે સુરગિરિની ઉપમા વર્ણવી રહ્યા છીએ તે ઉપમાને પામી શકે છે, અને એવી ઉપમાને સાર્થક કરતા શ્રીસંઘને તો સદાને માટે આપણાં કોટિશઃ વંદન છે.

*(ક્રમશઃ)*

Shri Prabhavak Jinvani (Gujarati-monthly), Publisher : Shri Jinvani Pracharak Trust, 59, Bank of India Bldg., 2nd Floor, 185, Sheikh Memon Street, Mumbai-400 002. Editor : Shah Dilip Hargovinddas (Gheewala), printed at M/s. Meghart Color Crafts, 42, Ideal Ind. Estate, Mathuradas Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400 013. The owner and the trust do not have any tie up/collaboration with any foreign organization.